# આત્મધર્મ

માસિક : વર્ષ-૭ * અંક-૩ * નવેમ્બર, ૨૦૧૨




ચાર શરણમાં આત્મા જ શરણરૂપ છે. ચિદ્ ચૈતન્યચંદ્રમા સત્ સ્વરૂપ છે, શાશ્વત છે, ઈ રચે કોને ? જ્ઞાનની સૃષ્ટિને ઈ કરે છે અને રચે છે, ઈ જ્ઞાનની સૃષ્ટિને રચતાં રચતાં કેવળજ્ઞાન થઈ જાય છે.

*—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી*

(મંગલ સુપ્રભાતની બોણી, સં. ૨૦૫૦, સવારે ૫:૩૦)

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ અર્થનો ભાવ ભાસ્યા વિના વચનનો અભિપ્રાય ઓળખાય નહિ. પોતે તો માની લે કે હું 'જિનવચન અનુસાર માનું છું' પરંતુ ભાવ ભાસ્યા વિના અન્યથાપણું થઈ જાય. લોકમાં પણ નોકરને કોઈ કાર્ય માટે મોકલીએ છીએ ત્યાં એ નોકર જો તે કાર્યના ભાવને જાણે તો એ કાર્ય સુધારે, પણ જો એ નોકરને તેનો ભાવ ન ભાસે તો તે કોઈ ઠેકાણે તે ચૂકી જ જાય. માટે ભાવ ભાસવા અર્થે હેય-ઉપાદેય તત્ત્વોની પરીક્ષા અવશ્ય કરવી. ૧૩૦૩. (શ્રી ટોડરમલ્લજી, મોક્ષમાર્ગપ્રકાશક, અધિ.-૭, પાનું–૨૬૩)

❀ જેણે અશરીરિનું સંધાન કર્યું તે સાચો ધનુર્ધારી છે; અને ચિત્તને એકાગ્ર કરીને જેણે શિવતત્ત્વને સાધ્યું તે ખરેખર નિશ્ચિંત છે. ૧૩૦૪.

(મુનિવર રામસિંહ, પાહુડદોહા, ગાથા–૧૨૧)

❀ શરીરમેં, યહ શરીર હી આત્મા હૈ, ઈસ પ્રકાર જાનના કાયકી સન્તાન અર્થાત્ આગામી પરિપાટીકા કારણ હૈ ઔર અપને આત્મામેં હી આત્મા હૈ ઐસા જ્ઞાન ઈસ શરીરસે અન્ય શરીર હોનેકે અભાવકા કારણ હૈં. ૧૩૦૫.

(શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ–૩૨, શ્લોક–૮૦)

❀ જો તૃષ્ણારૂપી રોગ ભોગોંકે ભોગનેરૂપ ઔષધિસેવનસે મિટ જાવે તબ તો ભોગોકો ચાહના, મિલાના વ ભોગના ઉચિત હૈ. પરંતુ જબ ભોગોંકે કારણ તૃષ્ણાકા રોગ ઔર અધિક બઢ જાવે તબ ભોગોંકી દવાઈ મિથ્યા હૈ, યહ સમજકર ઈસ દવાકા રાગ છોડ દેના ચાહિયે, વ એક શાંતરસમય નિજ આત્માકા ધ્યાન હૈ જિસસે સ્વાધીન આનંદ જિતના મિલતા જાતા હૈ ઉતના ઉતના હી વિષયભોગોંકી વાંછા મિટ જાતી હૈ. અતએવ ઈન્દ્રિય સુખકી આશા છોડકર અતીન્દ્રિય સુખકી પ્રાપ્તિકા ઉદ્યમ કરના ચાહિએ. ૧૩૦૬. (શ્રી અમિતગતિ આચાર્ય, તત્ત્વભાવના, શ્લોક–૬૧ ભાવાર્થ)

❀ પોતાની ઉપર કોઈ આપત્તિ આવી પડતાં મનુષ્ય જેવી રીતે દુઃખી થાય છે તેવી જ રીતે બીજાની ઉપર આવી પડેલી આપત્તિને પોતાની આપત્તિ સમજીને દુઃખનો અનુભવ કરવો તે દયાળુતા છે. ૧૩૦૭.

(શ્રી વાદીભસિંહ આચાર્યસૂરિ, ક્ષત્રચૂડામણિ, સર્ગ–૪, શ્લોક–૬)

❀ કામકા નહીં સેવના કામભાવકી શાંતિકા બડા ઉપાય કહા ગયા હૈ. ક્યોંકિ કામસેવનસે કામભાવકી લગાતાર બઢતી હોતી જાતી હૈ, પરંતુ કભી ભી ઉસકી શાંતિ નહીં હોતી હૈ. ૧૩૦૮. (શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક–૧૧૪)

વર્ષ-૭
અંક-૩

દંસણમૂલો ધમ્મો। ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે.
આત્મધર્મ
શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

સંવત
૨૦૬૮
November
A.D. 2012



# પંચમગતિ અને પંચમજ્ઞાન-પ્રાપ્તિનો મંગલ ઉત્સવ : દિવાળી



અહો! આજે દિવાળીનો દિવસ! આસો વદ અમાસ....જ્યારે પાવાપુરીમાં વીરપ્રભુ મોક્ષપદ પામ્યા ને એ નિર્વાણ પ્રસંગે પોતાની ઉત્કૃષ્ટ આરાધનામાં જોડાઈને ગૌતમસ્વામી કેવળજ્ઞાન પામ્યા! એક પ્રભુ પંચમગતિ પામ્યા તો બીજા પ્રભુ પંચમજ્ઞાન પામ્યા! બન્નેનો મહાન ઉત્સવ થયો....એ હતો આજનો દિન! અહો! જ્યાં મોક્ષના ને કેવળજ્ઞાનના ઉત્સવ એક સાથે ઉજવાયાં હશે એ પ્રસંગ કેવો આનંદકારી હશે? ને એ જોનાર-ઉજવનાર સૌ જીવોને કેવા મજાના શુદ્ધભાવો ઊછળતા હશે!

વીરપ્રભુના મોક્ષગમન ટાણે ગૌતમસ્વામી કાંઈ પ્રભુવિરહનો વિકલ્પ કરવા ન બેઠા પણ જ્ઞાયકની અનુભૂતિમાં વધુ ઊંડા ઊતરીને આત્મસાધનામાં—મોક્ષસાધનામાં મગ્ન બન્યા ને કેવળજ્ઞાન પામીને સર્વજ્ઞ પરમાત્મા થયા ને તેમના શિષ્ય સુધર્મસ્વામી તે જ દિવસે શ્રુતકેવળી બન્યા.

ત્યાર પછી તીર્થંકરપ્રભુની એ કુળપરંપરા ચાલતી ચાલતી શ્રીગુરુઓ દ્વારા પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી અને પૂજ્ય બેનશ્રી સુધી પહોંચી અને આપણે સૌ એ કુળપરંપરા પામીને કૃતાર્થ બન્યા. કૃપાસિંધુ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રતાપે પ્રાપ્ત આ તીર્થંકર ભગવંતોના વીતરાગમાર્ગને ઉપાસીને આપણે સૌ પણ આપણા તીર્થંકર ભગવંતો અને ભાવિ ભગવંતોના સિદ્ધદેશમાં જઈને સદાકાળ તેમની સાથે રહીએ એવી આજના વીર-નિર્વાણ-કલ્યાણકના—આત્મ-આરાધનાની પ્રેરણાના આ મંગલ-મહોત્સવ પ્રસંગે ભાવના ભાવીએ.... —સંપાદક

# આજે વીરપ્રભુ સિદ્ધાલયમાં બિરાજી ગયા

શ્રી મહાવીર તીર્થાધિનાથ આત્માના પૂર્ણ અલૌકિક આનંદમાં અને કેવળજ્ઞાનમાં પરિણમતા હતા. આજે તેમણે સિદ્ધદશા પ્રાપ્ત કરી. ચૈતન્યશરીરી ભગવાન આજે પૂર્ણ અકંપ થઈને અયોગીપદને પામ્યા, ચૈતન્ય-ગોળો છૂટો પડી ગયો, પોતે પૂર્ણ ચિદ્રૂપ થઈ ચૈતન્યબિંબરૂપે સિદ્ધાલયમાં બિરાજી ગયા; હવે સદાય સમાધિસુખાદિ અનંત ગુણોમાં પરિણમ્યા કરશે. આજે ભરતક્ષેત્રમાંથી ત્રિલોકીનાથ ચાલ્યા ગયા, તીર્થંકર-ભગવાનનો વિયોગ થયો, વીરપ્રભુના આજે વિરહ પડ્યા. ઈન્દ્રોએ ઉપરથી ઊતરીને આજ નિર્વાણમહોત્સવ ઊજવ્યો. દેવોએ ઊજવેલો તે નિર્વાણકલ્યાણક-મહોત્સવ કેવો દિવ્ય હશે! તેને અનુસરીને હજુ પણ લોકો દર વર્ષે દિવાળીદિને દીપમાળા પ્રગટાવીને દીપોત્સવી મહોત્સવ ઊજવે છે.

આજે વીરપ્રભુ મોક્ષ પધાર્યા. ગણધરદેવ શ્રી ગૌતમસ્વામી તરત જ અંતરમાં ઊંડા ઊતરી ગયા અને વીતરાગદશા પ્રાપ્ત કરી કેવળજ્ઞાનને પામ્યા. આત્માના સ્વક્ષેત્રમાં રહીને લોકાલોકને જાણનારું આશ્ચર્યકારક, સ્વપરપ્રકાશક પ્રત્યક્ષજ્ઞાન તેમને પ્રગટ થયું, આત્માના અસંખ્ય પ્રદેશોમાં આનંદાદિ અનંત ગુણોની અનંત પૂર્ણ પર્યાયો પ્રકાશી નીકળી.

અત્યારે આ પંચમ કાળે ભરતક્ષેત્રમાં તીર્થંકર-ભગવાનના વિરહ છે, કેવળજ્ઞાની પણ નથી. મહાવિદેહક્ષેત્રમાં કદી તીર્થંકરનો વિરહ પડતો નથી, સદાય ધર્મકાળ વર્તે છે. આજે પણ ત્યાં ભિન્ન ભિન્ન વિભાગમાં એક એક તીર્થંકર થઈને વીશ તીર્થંકર વિદ્યમાન છે. હાલમાં વિદેહક્ષેત્રના પુષ્કલાવતીવિજયમાં શ્રી સીમંધરનાથ વિચરી રહ્યા છે અને સમવસરણમાં બિરાજી દિવ્યધ્વનિના ધોધ વરસાવી રહ્યા છે. એ રીતે અન્ય વિભાગોમાં અન્ય તીર્થંકરભગવંતો વિચરી રહ્યા છે.

જોકે વીરભગવાન નિર્વાણ પધાર્યા છે તોપણ આ પંચમ કાળમાં આ ભરતક્ષેત્રે વીરભગવાનનું શાસન પ્રવર્તી રહ્યું છે, તેમનો ઉપકાર વર્તી રહ્યો છે. વીરપ્રભુના શાસનમાં અનેક સમર્થ આચાર્ય-ભગવંતો થયા જેમણે વીરભગવાનની વાણીનાં રહસ્યને વિધવિધ પ્રકારે શાસ્ત્રોમાં ભરી દીધાં છે. શ્રી કુંદકુંદાદિ સમર્થ આચાર્યભગવંતોએ દિવ્યધ્વનિનાં ઊંડાં રહસ્યોથી ભરપૂર પરમાગમો રચી મુક્તિનો માર્ગ અદ્ભુત રીતે પ્રકાશ્યો છે.

શાસ્ત્રોનાં સૂક્ષ્મ રહસ્યો ખોલીને પૂજ્ય કહાનગુરુદેવ મુક્તિનો માર્ગ સ્પષ્ટ રીતે સમજાવી ગયા છે. તેઓશ્રીએ પોતાનાં સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા તત્ત્વ પ્રકાશી ભારતને જાગ્રત કર્યું છે. ગુરુદેવનો અમાપ ઉપકાર છે. આ કાળે આવા માર્ગ સમજાવનાર ગુરુદેવ મળ્યા તે અહોભાગ્ય છે. સાતિશય ગુણરત્નોથી ભરપૂર ગુરુદેવનો મહિમા અને તેમનાં ચરણકમળની ભક્તિ અહોનિશ અંતરમાં રહો.

*—પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી*

# દેવ-ગુરુ-ધર્મની પ્રીતિ કરો.
# કુટુંબી-જન આદિની પ્રીતિ છોડો

(શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં. ૧૬૩)

આ, પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે. બીજો અધ્યાય છે. તેમાં ૧૩૪મી ગાથામાં શ્રીગુરુ શિષ્યને એવી શિક્ષા આપે છે કે તું જિનેશ્વરના ચરણારવિંદની પરમભક્તિ કર! વીતરાગ સર્વજ્ઞ પરમદેવે પરમ સત્યમાર્ગ કહ્યો છે માટે તું તેની ભક્તિ કર!

अरि जिय जिण-पइ भत्ति करि सुहि सज्जणु अवहेरि।
तिं बप्पेण वि कज्जु णवि जो पाडइ संसारि॥१३४॥

અર્થ : હે ભવ્ય જીવ! તું જિનપદની ભક્તિ કર! ત્રિલોકનાથ પરમાત્મા વીતરાગ સત્‌સ્વરૂપ છે તેના ઉપર તું જિનપદની પ્રીતિ કર! અને જિનેશ્વરના કહેલા જિનધર્મમાં પ્રીતિ કર! ગુણાનુરાગ કર! અને સંસારસુખના નિમિત્તકારણરૂપ એવા કુટુંબીજન ભલે તને વહાલામાં વ્હાલા હોય તેની પ્રીતિ છોડ! કારણ કે એ તને દુર્ગતિના નિમિત્તો છે.

સંસારસુખનો અર્થ થાય છે ‘દુઃખ.’ એ સંસારસુખમાં જે તને નિમિત્તરૂપ હોય એવા કુટુંબીજનો અને કુગુરુ, કુદેવ કે જેના ઉપર તને પ્રીતિ હોય—તેને પણ તું છોડ! એમ કહે છે કારણ કે એ બધા તને સંસારના સુખમાં નિમિત્ત છે પણ આત્માના સુખમાં નિમિત્ત નથી. સંસારસુખના એટલે કે દુઃખના નિમિત્તો છે. વ્હાલામાં વ્હાલા માતા-પિતા હોય કે સ્ત્રી હોય તે પણ દુઃખના નિમિત્ત છે—ધર્મના વિરોધીઓ છે. એક ત્રિલોકીનાથ પરમેશ્વરના વચનો જ તને સુખના કારણ છે માટે તેમાં પ્રેમ કર!

વિશેષ કહે છે કે મહાસ્નેહરૂપ પિતાથી પણ તારા આત્માને કાંઈ હિત નથી, એ તો તને સંસાર-સમુદ્રમાં પટકી દેવાવાળા મોહના નિમિત્ત છે. માટે જેને તારા ઉપર બહુ સ્નેહ છે એવા તારા પિતાથી પણ તારે કાંઈ પ્રયોજન નથી, એ તો તને ચાર ગતિમાં રખડવામાં નિમિત્ત છે. માટે ભગવાનની વાણીમાં એમ આવ્યું છે કે હે આત્મા! વીતરાગે કહેલો ધર્મ અને વીતરાગે કહેલાં વચનોમાં તું ગુણાનુરાગ કર! પ્રેમ કર! એ જ તને મુક્તિમાં સાધન થશે. બાકી, વ્હાલામાં વ્હાલા સ્વજનો અને સૌથી વહાલા પિતા પણ તને મુક્તિનું સાધન નહીં થાય માટે તેની પ્રીતિ છોડી દે!

બાપનું નામ કેમ વધારે લીધું! કે છોકરાઓ માટે એ કમાઈ કમાઈને આપે છે ને! પણ તે તને સુગતિ નહિ આપે, દુર્ગતિ આપશે. સર્વજ્ઞ ભગવાન જ આ જીવના ધર્મપિતા છે. ભગવાન જ જીવને મુક્તિમાં કારણ છે. માટે ભગવાનની પ્રીતિ કરવાયોગ્ય છે. તારે તારા આત્માનું હિત કરવું હોય, સંસારને નીચો કરીને તારે ઊંચું આવવું હોય તો પરમપિતા એવા સર્વજ્ઞદેવ અને તેમના વચનોની પ્રીતિ કર!

ભાવાર્થ :—હે આત્મારામ! અનાદિકાળથી દુર્લભ વીતરાગ સર્વજ્ઞે કહેલો જે રાગ-દ્વેષ-મોહ રહિત પરિણામ લક્ષણવાળો શુદ્ધોપયોગરૂપ ધર્મ છે તે તને સંસારથી મુક્ત કરાવનાર છે માટે તેની પ્રીતિ કર! પરિણામ લક્ષણ એટલે પુણ્ય-પાપથી રહિત શુદ્ધ પવિત્ર પરિણામ કે જેમાં મિથ્યાભ્રાંતિનો અભાવ છે અને આનંદમૂર્તિ આત્માની રુચિ—જ્ઞાન અને રમણતાના શુદ્ધપરિણામ છે તે જ ખરાં જીવના પરિણામ છે કેમ કે જીવ શુદ્ધસ્વરૂપ છે, પવિત્ર છે, આનંદકંદ છે, નિર્મળાનંદ છે. તેની અંતરમુખ થઈને જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ થાય છે તેને જીવના પરિણામ કહ્યાં છે. જુઓ! આમાં સ્વજન તો દૂર રહી ગયા, માતા-પિતા પણ દૂર રહી ગયા, દેવ-ગુરુ અને શાસ્ત્ર પણ દૂર રહી ગયા. શુભ પરિણામને પછી વ્યવહારધર્મ તરીકે કહેશે પણ તારા નિર્મળ પરિણામ એ જ નિશ્ચયધર્મ છે. પુણ્ય-પાપના પરિણામ એ કાંઈ જીવનું ખરું સ્વરૂપ નથી. પુણ્ય-પાપનું ફળ એ પણ કાંઈ જીવનું સ્વરૂપ નથી. જીવનું સ્વરૂપ તો તેનાથી રહિત શુદ્ધ ચિદાનંદઘનસ્વરૂપ છે. તેના આશ્રયે જે શુદ્ધોપયોગરૂપ પરિણામ પ્રગટે તે જીવના વાસ્તવિક પરિણામ છે માટે તેની પ્રીતિ કર! પહેલી વાત આ નિશ્ચયની છે. પછી વ્યવહારની વાત કરશે કેમ કે પ્રથમ નિશ્ચય હોય તો સાથે વ્યવહાર હોય.

ભાઈ! તું આત્મા છો પ્રભુ! તારા સ્વજન—સત્+જન કોણ? કે તારા શુદ્ધસ્વરૂપના આશ્રયે પ્રગટેલા પરિણામ એ જ તારા સ્વજન છે. બહારના સ્વજન તો બધા દુ:ખના નિમિત્તો છે. એ તો તને સંસારના કૂવામાં નાંખશે. એ તને બાયડી પરણાવશે પણ એમ નહિ કહે કે ભાઈ! અનંતકાળે માંડ આવા અવતાર મળ્યા છે તેમાં પ્રથમ કરવાયોગ્ય કાર્ય તો આત્માનું હિત કરવું તે છે. વીતરાગી શુદ્ધ પરિણામ લક્ષણવાળો શુદ્ધોપયોગ પ્રગટ કરવો તે આત્મહિતૈષીનું પ્રથમ કર્તવ્ય છે. દયા-દાન-વ્રતાદિના પરિણામ આવશે પણ તે આસ્રવ છે.

પૈસાની રુચિ આડે એને આ સમજવું કઠણ પડે છે. વીતરાગી સંતો—આચાર્યો એમ કહે છે કે હે આત્મા! તારા પરિણામમાં શુદ્ધોપયોગ થવો એ જ તારા પરિણામ છે. એ વીતરાગી પરિણામથી તારું હિત થશે, તેનાથી જ તારી મુક્તિ થશે.

દયા-દાન-વ્રતાદિના પરિણામ તે શુભ ઉપયોગ છે અને હિંસા, જૂઠ, ચોરી આદિના

પરિણામ અશુભ ઉપયોગ છે માટે તેને જીવ-પરિણામ કહ્યાં નથી. સાત તત્ત્વમાં જીવ, અજીવ, આસ્રવ આદિમાં આસ્રવ છે તે જીવતત્ત્વથી ભિન્ન છે તેને જીવ પરિણામ ન કહ્યાં પણ સંવર-નિર્જરાના જે શુદ્ધ પરિણામ છે તેને જીવ પરિણામ કહ્યાં છે કેમ કે તે વીતરાગ વિજ્ઞાનઘનમાંથી નીકળેલા વીતરાગી પરિણામ છે.

ત્રણ લોકના નાથ સર્વજ્ઞ પરમેશ્વર કે જે સો ઇન્દ્રોથી પૂજિત છે એવા ત્રિલોકીનાથે એમ કહ્યું છે કે રાગ-દ્વેષ-મોહ રહિત શુદ્ધોપયોગ તે જીવ પરિણામ છે. અહો! સમવસરણમાં ભગવાનની વાણીમાં આમ આવ્યું છે કે પુણ્ય-પાપ રહિત અને મિથ્યાત્વ રહિત ભગવાન આત્મા પવિત્ર શુદ્ધ છે—એકલી શુદ્ધતાની જ ખાણ છે, તેના આશ્રયે થયેલા મોહ-રાગ-દ્વેષથી રહિત શુદ્ધ પરિણામ એ જ ખરાં આત્માના પરિણામ છે, એ જ શુદ્ધ ઉપયોગ છે, એ જ નિશ્ચયધર્મ છે. માટે તેમાં रति कुरु અર્થાત્ તેમાં પ્રીતિ કર!

આ શરીરરૂપી માટીથી જુદો, જડકર્મોથી જુદો અને આસ્રવના પરિણામથી જુદો એવો આત્મા તે જીવતત્ત્વ છે અને તેનો અંતરમુખ ઉપયોગ કે જેને જીવપરિણામલક્ષણ શુદ્ધોપયોગ કહ્યો છે તેમાં તું પ્રીતિ કર! જો જીવના પરિણામમાં તને પ્રીતિ થઈ તો તને જીવની પ્રીતિ થઈ. આસ્રવથી વિમુખ અને જીવસ્વભાવથી સન્મુખ પરિણામ તે જીવપરિણામ છે તેને શુદ્ધોપયોગ કહો કે વીતરાગી પરિણામ કહો—એક જ છે કેમ કે તેને રાગ-દ્વેષ-મોહથી રહિત કહ્યાં છે. મોહ અને ક્ષોભથી રહિત તે જીવપરિણામ છે તે સાચો ધર્મ છે. ભગવાન વીતરાગની વાણીમાં આવો ધર્મ કહેવામાં આવ્યો છે. તેમાં રુચિ કર! પ્રીતિ કર! દૃષ્ટિ કર!

હવે, આ નિશ્ચયધર્મની પૂર્ણતા જ્યાં સુધી ન થાય ત્યાં સુધી વચ્ચે વ્યવહારધર્મ આવ્યા વગર રહેતો નથી માટે તે વ્યવહારધર્મની પણ પ્રીતિ કર! એમ કહે છે. આ વ્યવહારધર્મનું લક્ષણ ષટ્આવશ્યક કહ્યું અને તેને શુભઉપયોગસ્વરૂપ કહ્યાં. નિશ્ચયધર્મનું લક્ષણ જીવપરિણામ કહ્યું હતું અને તેને શુદ્ધોપયોગરૂપ પરિણામ કહ્યાં હતા.

જેવા સિદ્ધ ભગવાન થઈ ગયા, અરિહંત ભગવાન થયા એવો જ જીવનો સ્વભાવ છે, એ સ્વભાવના આશ્રયે જે શુદ્ધ પરિણામ થાય તે જીવનો ધર્મ છે, તેની સાથે વ્યવહારધર્મ પણ મુનિને આવે છે. તેનું લક્ષણ ષટ્આવશ્યક આદિ છે. તે શુભભાવરૂપ છે.

મુનિને સામાયિક આદિ ષટ્આવશ્યકના પરિણામ થાય છે તે શુભભાવરૂપ છે. તેને વ્યવહારે ધર્મ કહેવાય છે પણ નિશ્ચયથી તે શુભઆસ્રવ છે. શ્રાવકને દાન, પૂજા આદિરૂપ શુભભાવ છે તે વ્યવહારધર્મ છે. નિશ્ચયધર્મ તો મુનિ અને શ્રાવક બધાને શુદ્ધઉપયોગરૂપ જ

છે, તે જ ખરો ધર્મ છે. વીતરાગમાર્ગમાં આ એક જ ખરો નિશ્ચયધર્મ છે અને વીતરાગમાર્ગ સિવાય બીજે તો ક્યાંય ધર્મ છે જ નહિ.

શ્રોતા :—વ્યવહારધર્મ પણ પ્રેમ કરવાનું કહ્યું?

પૂજ્ય ગુરુદેવશ્રી :—હા. નિશ્ચયધર્મનો પ્રેમ નિશ્ચયથી અને વ્યવહારધર્મનો પ્રેમ વ્યવહારથી. વ્યવહારધર્મનો પ્રેમ વ્યવહારમાં હોય છે. શ્રાવકને પૂજા, દાન, દયા, સ્વાધ્યાય આદિ છ પ્રકારનો વ્યવહારધર્મ હોય છે અને મુનિને પણ ષટ્આવશ્યકરૂપ શુભપરિણામરૂપ વ્યવહારધર્મ હોય છે. તે બંનેની—મુનિ અને શ્રાવકધર્મની પણ પ્રીતિ કર! અને નિશ્ચય અને વ્યવહારરૂપ બંને ધર્મની પ્રીતિ કર! આવા ધર્મથી વિમુખ કોઈપણ હોય તેની પ્રીતિ છોડી દે! તે ભલે સગી સ્ત્રી હો કે બાપ હો પણ તેની પ્રીતિ છોડ!

શું ભગવાન તકરાર કરાવતાં હશે! ના. ભગવાન તને તારા હિતની દિશા બતાવે છે. ભાઈ! ધર્મ સિવાય તને કોઈ શરણભૂત નથી. ધર્માત્માજીવોની પ્રીતિ કર તો એ તને ધર્મ સંભળાવશે. બીજા તો બધા તને સંસારમાં લઈ જવાની વાતો કરશે. મરવાના સમયે પણ સ્વાર્થની વાત કરશે. કોઈ તારા વ્હાલા નથી કેમકે બધાનું ક્ષેત્ર જ જુદું છે માટે કોઈની સાથે તારો મેળ નથી.

નિશ્ચયદૃષ્ટિ વિનાના અને નિશ્ચયસહિત વ્યવહારધર્મ વિનાના ધર્મથી વિમુખ પોતાના કુળના મનુષ્યને પણ છોડી દે! તારે તારા આત્માનું રક્ષણ કરવું છે ને! તો આ સ્વજન બધા મારા વ્હાલાં છે એવી માન્યતા છોડી દે! અહો! કુંદકુંદાચાર્યે તો મૂલાચારમાં ત્યાં સુધી કહ્યું કે હે સાધુ! જે સાધુસંઘમાં વિરુદ્ધ શ્રદ્ધાનું પોષણ થતું હોય તો એકલો રહેજે હો! અને એકલા ન ગોઠે તોપણ ત્યાં તો જઈશ નહીં, સ્ત્રીને પરણજે, તો તને ચારિત્રનો દોષ થશે પણ વિરુદ્ધ શ્રદ્ધાવાળાના સંગમાં જો તને શ્રદ્ધા ખોટી થશે તો તું ચારગતિમાં રખડી જઈશ. શ્રદ્ધાનો દોષ મોટો છે.

सुहि सज्जणु अवहेरि...એટલે વ્હાલા સ્વજનો, દુશ્મન નહિ. સ્ત્રી, છોકરા આદિ એવું બોલે બાપા! તમારા વગર અમારે નહિ ચાલે, અમે મરી જાશું...તમે દૂર રહો તે પણ અમને ઠીક પડતું નથી...એવા એવા મીઠાં મીણના કોરડા મારીને સ્વજનો મોહીજીવને મારી નાંખે છે. એને એમ થઈ જાય છે કે મારું ગમે તે થાય પણ હું તમારું ભલું કરીશ. અરે! અનંતકાળમાં માંડ મનુષ્યપણું મળ્યું અને તેમાં પણ મહાદુર્લભ વીતરાગીની વાણીનું નિમિત્ત મળ્યું છે તો હવે તેનાથી વિરુદ્ધ કહેનારા કોઈ સ્વજન હોય તો તેનો પ્રેમ છોડી દેજે, એકલો રહેજે, વાંઢો રહેજે, વાંજિયો રહેજે, કુળના મનુષ્યનો પણ પ્રેમ રાખીશ નહિ અને ધર્મસન્મુખ

પરિણામવાળા—નિશ્ચય અને વ્યવહારના ધારક કોઈ પરકુળના મનુષ્ય હોય પણ તેની પ્રીતિ કરજે.

વીતરાગમાર્ગમાં તો આવી જ વાત આવશે. ત્યાં બીજી શું આશા રાખશો! પદ્મનંદિપંચવિંશતિમાં પદ્મનંદિ આચાર્યે છેલ્લો અધિકાર બહુ બ્રહ્મચર્યનો વર્ણવ્યો પછી કહ્યું કે હે યુવાનો! મારા આ બ્રહ્મચર્યનો અધિકાર તમને ઠીક ન લાગે તો મને ક્ષમા કરજો. હું એક મુનિ છું, મારી પાસે બીજી શું આશા રાખશો! આહાહા! અમે તો મુનિ છીએ. અમારી પાસે વીતરાગી પરિણામ અને ધર્મ સિવાય બીજું શું આશા રાખશો! હે યુવકો! બ્રહ્મચર્યની વાત તમને ન ગોઠે તો મને ક્ષમા કરશો.

લાવોને ભાઈ! પાઠ હોય તો બતાવી દેવાય ને! આ ભગવાનની કોર્ટના કાયદા છે. તે તમને બતાવી દઈએ. આ પદ્મનંદિ પંચવિંશતિમાં છવ્વીસ અધિકાર છે. વનવાસી દિગંબર સંત જેને લંગોટી પણ ન હોય, આહાર-પાણીની પણ જેને દરકાર ન હોય, બે-ચાર-આઠ દિવસે જે શુદ્ધ આહાર મળે તે લે એવા પદ્મનંદિનાથે છેલ્લા અધિકારમાં આ પ્રમાણે લખ્યું છે કે—

युवतिसंगतिवर्जमष्टकं प्रत मुमुक्षुजनं भणितं मया।
सुरतरागसमुद्रगता जनाः कुरुत मा क्रुधमत्र मुनौ मयि॥९॥

જે મુમુક્ષુ છે તેને મોક્ષની પ્રાપ્તિ માટે મેં યુવતિસંગનો નિષેધ કરવાવાળા આ બ્રહ્મચર્ય અષ્ટકની રચના કરી છે. તે જે ભોગરૂપી રાગના સમુદ્રમાં ડૂબેલા છે એવા મનુષ્યને ન રુચે તો મને મુનિ જાણીને મારા ઉપર ક્ષમા કરો.

અહા! વૈદ્ય એમ બંધાયેલો ન હોય કે રોગીને મીઠી ઔષધિ જ આપવી. રોગીનો રોગ કેમ મટે તે માટે બંધાયેલો હોય છે. કડવી દવા પણ આપે તેમ મુનિરાજ સંસારરોગીને રુચે તેવી જ વાત કરવા બંધાયેલા નથી. એ તો સત્યવાત કરીને મોક્ષાભિલાષી જીવોને સંસારથી છોડાવવાનો ઉપદેશ આપે છે. તેમ આ પદ્મનંદિ આચાર્ય કહે છે કે અમે તો સત્યમાર્ગ જેમ છે તેમ કહ્યો કે બ્રહ્મચર્યમાં જ આનંદ છે, રાગના રંગમાં આનંદ નથી.

હે યુવકો! તમને ભોગના રંગના રસમાં આ વાતનો કંટાળો લાગે તો ક્ષમા કરજો પણ અમારી પાસે બીજી આશા ન રાખશો. તેમ અહીં કહે છે કે તું વીતરાગી પરિણામમાં પ્રીતિ કર! અને તેમાં ન રહી શકે ત્યારે શુભપરિણામમાં પ્રીતિ કર! આનાથી વિરુદ્ધ કહેનારા વ્હાલામાં વ્હાલા સ્વજન હોય તેની પણ પ્રીતિ છોડી દેજે. તને આ વાત ઠીક ન લાગે તો તારું તું જાણ! અમે તો આ મારગ તને કહીએ છીએ.

અરે! સમકિતી કોઈ ગરીબ હોય, પાંચ-પચીસ રૂપિયા પણ આજીવિકા માટે મળતાં ન હોય, કાળું-કુબડું શરીર હોય પણ આત્મભાન છે તો તેને સાધર્મી જાણીને તેના ઉપર પ્રીતિ કરજે અને એક ઘરમાં એક થાળીમાં જમનારા સ્વજનો પણ જો વિરુદ્ધ ધર્મની શ્રદ્ધા કરાવતાં હોય તો તેની પ્રીતિ છોડી દેજે.

તાત્પર્ય એ છે કે આ જીવ જેવી વિષયસુખની પ્રીતિ કરે છે તેવી જો જિનધર્મથી પ્રીતિ કરે તો સંસારમાં ભટકે નહિ.

"જૈસી પ્રીત હરામસે, તૈસી હરિસે હોય ચલા જાય વૈકુંઠમેં, પલા ન પકડે કોઈ."

તુલસીદાસમાં કહે છે જેવી પ્રીતિ હરામ એટલે વિષયોમાં છે તેવી હરિ એટલે આત્મામાં કરે તો જીવ મોક્ષમાં ચાલ્યો જાય. પાપના ઓઘને હરે તે હરિ છે, બીજો કોઈ હરિ નથી. અંદરમાં આત્મા એકલો વીતરાગતાનો રસકંદ છે, વીતરાગમૂર્તિ છે. તેના જે પરિણામ વીતરાગી થાય તેને જ આત્માના પરિણામ કહેવાય. તેમાં પ્રીતિ કર ભાઈ! જૈનધર્મનો અર્થ જ વીતરાગતા છે. વચ્ચે શુભરાગ આવે પણ તે કાંઈ ખરો જૈનધર્મ નથી, વ્યવહારધર્મ છે.

ભગવાન આત્માને રાગ વિનાનો, બંધ વિનાનો એકલા વીતરાગસ્વભાવે જુએ એવા ભાવશ્રુતના પરિણામ તે જૈનશાસન છે. વચ્ચે રાગ આવે તેને ઉપચારથી જૈનશાસન કહેવાય છે. ભાવશ્રુતજ્ઞાન એટલે વીતરાગી પરિણામ દ્વારા આત્માને અબદ્ધસ્પષ્ટ, અનન્ય, અવિશેષ દેખે છે તેણે આખા જિનશાસનને જોઈ લીધું. જૈનશાસન ક્યાંય બહાર રહેતું નથી, આત્માની પર્યાયમાં પ્રગટ થાય છે. દ્રવ્ય-ગુણ તો ત્રિકાળ છે તેમાં જૈનશાસન રહેતું નથી, પર્યાયમાં રહે છે. સંસાર પણ પર્યાયમાં છે અને જૈનશાસન પણ પર્યાયમાં રહે છે. રાગ રહિત પરિણતિમાં જૈનશાસન રહે છે. જેણે આખા વીતરાગ શાસનનો સાર જોયો, જાણ્યો તેણે આખું જૈનશાસન જોયું, તે હવે સંસારમાં ભટકશે નહિ.

આત્મધર્મમાં પ્રીતિ કરનાર–રુચિ કરનાર–અવલંબન કરનાર, આશ્રય લેનાર–શરણ લેનાર જીવ સંસારમાં નહિ ભટકે. વિષયોમાં પ્રીતિ કરનારના તો સંસારમાં સોથાં નીકળી જશે. એકેન્દ્રિય, બેઈન્દ્રિય, ત્રણેન્દ્રિય, ચૌરેન્દ્રિય....આદિમાં ક્યાં ક્યાં ભટકી જશે. ત્યાં બાયડી–છોકરા આદિ કોઈ નહિ હોય. નિગોદ આદિમાં કેટલી હીણી દશા!! કેટલો કાળ!! આહાહા! સંસારના આ લાંબાપંથને ટૂંકો કરવાનો મારગ તો પ્રભુ તારા સ્વરૂપમાં જ છે. વીતરાગ ભગવાને એ જ કહ્યું છે. જુઓ! આમાં એ પણ આવ્યું કે એકલો શુભરાગ તે વીતરાગધર્મ નથી. નિશ્ચય વિનાનો વ્યવહાર તો વ્યવહારે પણ ધર્મ નથી.

આ તો યોગીન્દુદેવ, જંગલવાસી સંત, નાગા બાદશાહથી આઘા, તેને કોઈની દરકાર નથી. તે કહે છે કે એકવાર સ્વરૂપની રુચિ તો કર ભાઈ! રુચિની દિશા તો બદલાવ! તારી દશા બદલાઈ જશે. રાગની રુચિ છોડ અને ભગવાન આત્માની રુચિ કર તો એમાંથી મોટા વીતરાગી પરિણામ કાઢ્યા જ કર! ભગવાન આત્મા ઉદાર છે. વીતરાગપરિણામ કાઢ્યા જ કર તોપણ તેમાંથી કદી ખૂટે તેમ નથી.

એને પોતાના તત્ત્વનું, પોતાના સ્વભાવનું માહાત્મ્ય જ આવતું નથી. માહાત્મ્ય બીજા લૂંટી જાય છે. કોઈવાર સંયોગો માહાત્મ્ય લૂંટી જાય તો કોઈવાર રાગ માહાત્મ્ય લૂંટી જાય, ભટકવાના કારણો માહાત્મ્ય લૂટી જાય છે.

જુઓને ગાથા અને ટીકા કેટલી ગંભીર છે! વિષયોમાં જીવ જેવી પ્રીતિ કરે છે તેવી જિનધર્મમાં પ્રીતિ કરે તો સંસારમાં ભટકે નહિ. આવી જ વાત બીજી જગ્યાએ પણ કહી છે કે આ જીવ જેવો પ્રેમ વિષયોના કારણોમાં વારંવાર કરે છે તેવો વારંવાર પ્રેમ જિનધર્મમાં કરે તો સંસારમાં ભટકે નહિ. જિનધર્મ એ કોઈ સંપ્રદાય નથી. વસ્તુનો સ્વભાવ જેવો છે તેવી તેની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતાના શુદ્ધ પરિણામ તે ધર્મ છે. વસ્તુમાં કદી રાગ કે વિકાર ન હોય. વસ્તુ તો સદાય અકષાયભાવથી ભરેલી છે એ સ્વભાવ એ જ ધર્મ.

આચાર્યોની શૈલી એવી છે કે એક એક ગાથામાં ઘણું ભરી દીધું છે. હવે ૧૩૫મી ગાથામાં યોગીન્દુદેવ કહે છે કે જેણે ચિત્તની શુદ્ધતા કરીને તપશ્ચરણ ન કર્યું તેણે પોતાના આત્માને ઠગી લીધો છે. ચિત્તની શુદ્ધતા એટલે વીતરાગી નિર્મળ પરિણામ. ચિત્ત એટલે જ્ઞાનની શુદ્ધિ. ભગવાન આત્માની અંતરમુખ થતાં જે શુદ્ધિ થાય તેને ચિત્તની શુદ્ધિ કહેવાય અને બહુર્મુખ જેટલા પરિણામ ઊઠે તે ચિત્તની અશુદ્ધિ છે.

આ વાત પ્રથમ સમજણમાં તો લે! શ્રદ્ધામાં એ વાત ગોઠવે એટલે કે બેસાડે અને પછી અંતરમાં પ્રયોગ કરે કે આ વસ્તુમાં અંતરમાં જવાથી જ લાભ છે, બીજે ક્યાંય લાભ નથી. બહારથી વ્રત કરે કે તપ કરે તેમાં નામેય ધર્મ નથી. તેમાં રાગની મંદતાની સાથે મિથ્યાત્વશલ્ય પડ્યું છે તેથી ધર્મ ક્યાંથી થાય! વીતરાગી દૃષ્ટિ વિના એકલો રાગ કર્યો એ તો અધર્મ છે.

કીડીના નગરા તો ઘણાં હોય તેની શું કિંમત! તેમ રાગની મંદતાને ઘણા માણસો વખાણે, ઘણાં તેની મહિમા કરે પણ તે સર્ટીફિકેટ શા કામના! સાચાને સંખ્યાની કે કોઈના સર્ટીફીકેટની જરૂર ન હોય. સાચાને તો સત્યભાવની જરૂર હોય. જેના કાળજા કામ નથી કરતાં એવા અજ્ઞાની પાસેથી અભિનંદનની આશા એ ન રાખે. ચામડાના વૃક્ષરૂપી આ

દેહમાં જેણે તપરૂપી ધર્મ પ્રગટ ન કર્યો તેને વૃદ્ધાવસ્થારૂપી ઉધઈ તે દેહને ખાઈ જશે.

जेण ण चिण्णउ तव-यरणु णिम्मलु चित्तु करेवि।
अप्पा वंचिउ तेण पर माणुस जम्मु लहेवि॥१३५॥

અર્થ :—જે જીવે બાહ્યાભ્યંતર તપ ન કર્યું, મહાનિર્મલ ચિત્ત કરીને તેણે મનુષ્યજન્મ પામીને કેવળ પોતાના આત્માને ઠગી લીધો. અંતરમુખ થઈને મોટો ચૈતન્યનો વેપાર કરવાનો હતો તેને બદલે ''ધૂળ ધાણીને વા પાણી'' કરી નાંખ્યા. મુસાભાઈના વાપાણી જેવું મફતનું કરી નાખ્યું. એક મુસાભાઈ હતા. તેણે નાતને જમવા બોલાવી અને બોલતો જાય કે નાતનો માલ નાત ખાય, મુસાભાઈના વા અને પાણી. પછી જ્યાં પૈસા લેવા આવ્યા તો કહે હું તો કહેતો જ હતો કે આમાં મારા વા અને પાણી સિવાય કાંઈ નથી, નાતનો માલ નાતે ખાધો છે. એમ, આ દુનિયાના વ્યાપાર બધા જૂઠે જૂઠાં છે. નાત જમાડીને મુસાભાઈએ બધાને ઠગી લીધાં તેમ બાયડી-છોકરા ને વેપાર-ધંધાના કામ કરીને આ જીવે શું કર્યું? પોતાને ઠગી લીધો. એ સિવાય કાંઈ કર્યું નથી. હમણાં આ કામ કરી લઉં, પછી આમ કરવું છે ને પછી આ એમ કરીને મરી ગયો. પોતે પોતાને ઠગી લીધો. ખરેખર કાંઈ બીજાને તો ઠગી શકતો જ નથી, પોતાને જ જીવ ઠગે છે. બીજાના પૈસા આદિ ઠગાય છે તે તેના પાપના ઉદયથી જાય છે.

યોગસારમાં આવે છે કે કોણ કોની પૂજા કરે, કોની સાથે દ્વેષ! કોઈ કોઈનો મિત્ર કે શત્રુ નથી. મિત્ર અને શત્રુની તો મફતમાં કલ્પના કરે છે.

આવો દુર્લભ મનુષ્યજન્મ પામીને હે જીવ! તે તને ઠગી લીધો છે. પોતાનું કામ તો કાંઈ કર્યું નહિ અને હું બીજાના કામ કરી દઉં છું એમ કરીને તેં તને જ ઠગ્યો છે. પોતાના વીતરાગી પરિણામ કર્યાં નહિ, મુનિપણું પાળ્યું નહિ. જે કરવાનું હતું તે કર્યું નહિ. ભાઈ! તેં તને ઠગ્યો હવે ક્યાંય ચાલ્યો જઈશ.

ભાવાર્થ :—મહાન દુર્લભ મનુષ્યદેહ કેટલી દુર્લભતાથી મળ્યો છે. કીડા, કૂતરા, કાગડાના અવતાર કરતાં કરતાં કોઈ મહા પુણ્યોદયે આ મનુષ્યદેહ મળ્યો છે. તેમાં એકલા પર તરફના પ્રેમવાળા રાગ-દ્વેષ અને વિષય-કષાયને સેવ્યાં—તેનો જ પ્રેમ કર્યો અને વીતરાગ ચિદાનંદ એક સુખરૂપી અમૃતથી પ્રાપ્ત પોતાના ચિત્તને નિર્મળ કરીને અનશનાદિ તપ ન કર્યું તે આત્મઘાતી છે. પોતાના આત્માને ઠગવાવાળો છે. અહો! વીતરાગભાવરૂપી અમૃતની પર્યાયથી ભરેલો ઘડો તેને અહીં ચિત્તશુદ્ધિ કહે છે તે મળ્યા છતાં તપ ન કર્યું તો તેણે આત્માને ઠગી લીધો, આત્માનો ઉદ્ધાર ન કર્યો. *(ક્રમશઃ)*

વૈભવશાળી ભગવાન આત્માના લક્ષે પ્રગટ થતો

# આત્મવૈભવ

## પ્રકાશ શક્તિ

स्वयंप्रकाशमानविशदस्वसंवित्तिमयी प्रकाशशक्तिः।

આ જ્ઞાનસ્વરૂપ આત્મામાં એક પ્રકાશ શક્તિ છે; આ શક્તિના બળથી આત્મા પરની સહાય વગર—રાગ વગર પોતે પોતાને સ્પષ્ટ પ્રકાશે છે ને સ્વાનુભવ કરે છે. આ શક્તિનો અચિંત્ય મહિમા છે.

જ્યારે જે શક્તિ આવે છે ત્યારે તેનાં ગાણાં ગવાય, બાકી તો દરેક શક્તિ આખા આત્માને પ્રસિદ્ધ કરનારી છે; દરેક શક્તિ પોતાના પૂર્ણ સામર્થ્યથી ભરેલી છે ને વિકારના અભાવરૂપ છે. એક શક્તિને જુદી પાડીને તેનો આશ્રય કરી શકાય નહિ. શક્તિ અને શક્તિમાન જુદા નથી, ગુણ અને ગુણી જુદા નથી એટલે દ્રવ્યની શક્તિનું કે ગુણનું સ્વરૂપ ઓળખતાં અનંત ધર્મસંપન્ન આખું દ્રવ્ય ઓળખાઈ જાય છે ને તેની પ્રતીત વડે સમ્યગ્દર્શન થાય છે. એમાં ક્યાંય વચ્ચે રાગનું કે નિમિત્તનું અવલંબન નથી. તેના અવલંબન વગર આત્મા પોતે જ પોતાને સ્પષ્ટ એટલે કે પ્રત્યક્ષ પ્રકાશે છે એવો તેનો પ્રકાશ સ્વભાવ છે.

આમાં બે વાત આવી—એક તો સ્વાનુભવમાં આત્મા પોતાને સ્પષ્ટ પ્રકાશે છે અને તે સ્વભાવ સ્વયં પ્રકાશવાન છે, તેમાં આત્મા સિવાય બીજા કોઈનો હાથ નથી. આવા સ્વસંવેદનની તાકાતવાળો આત્મા છે.

રાગને લીધે આત્મા પ્રત્યક્ષ થાય—એવો નથી. જેણે રાગને આત્માના સ્વસંવેદનનું સાધન માન્યું તેણે સ્વસંવેદનમય પ્રકાશ શક્તિવાળા આત્માને જાણ્યો નથી, એણે તો રાગને જ આત્મા માન્યો છે. રાગ વડે આત્માનો અનુભવ થવાનું માન્યું તેણે રાગને જ આત્મા માન્યો. અંદર સૂક્ષ્મ ગુણ-ગુણી ભેદના વિકલ્પમાંયે એવી તાકાત નથી કે તે આત્માનું પ્રત્યક્ષ વેદન કરી શકે. પ્રકાશ ગુણમાં એવી તાકાત છે તે પરિણમીને સ્વસંવેદનમાં આત્માને પ્રત્યક્ષ કરે. આવા વૈભવવાળા ભગવાન આત્માને વિકલ્પગમ્ય માન્યો તે તો તેનો અપવાદ કરવા જેવું થયું. જેમ મોટા રાજાને ભિખારી કહીને કોઈ બોલાવે તો તેમાં રાજાનું અપમાન થાય છે, તેમ જગતમાં સૌથી મોટો આ ચૈતન્યરાજા, તેને એક તુચ્છ રાગમાં પ્રાપ્ત થાય એવો

માની લેવો તે તેનું અપમાન છે, મોટો ગુન્હો છે ને તે ગુન્હાની શિક્ષા સંસારરૂપી જેલ છે. ભાઈ, આ સંસારની જેલમાં અનંતકાળથી તું પૂરાયેલો છો; હવે આ જેલમાંથી તારે છૂટવું હોય તો ચૈતન્યરાજા જેવો છે તેને તું ઓળખ. અરે, અનંત ગુણના વૈભવથી ભરેલા ચૈતન્યભગવાનને રાગગમ્ય માનવો તે તો તેને રાગી માનવા જેવું છે. સમ્યગ્દર્શને આખા આત્મદ્રવ્યને સ્વીકાર્યું છે, તેમાં પ્રકાશ શક્તિનો ભેગો સ્વીકાર છે એટલે રાગ વગર સ્વસંવેદન થાય એવો આત્મા સમ્યગ્દર્શને સ્વીકાર્યો છે, રાગવાળો આત્મા સમ્યગ્દર્શને સ્વીકાર્યો નથી. સમ્યગ્દર્શનના આત્મામાં અનંત ગુણનું નિર્મળકાર્ય છે પણ રાગ તેમાં નથી.

અરે જીવ! એકવાર તારા વીર્યબળને સ્વ તરફ ઉલ્લસાવીને તારા આવા સ્વભાવની હા તો પાડ! પુરુષાર્થની તીખી ધારાએ આવા દ્રવ્યસ્વભાવનો અપૂર્વ પક્ષ કર, તેનો ઉલ્લાસ લાવ. આવા સ્વભાવનો યથાર્થ નિર્ણય કરે તેને સ્વસંવેદન થયા વગર રહે નહીં. આત્માનું આવું સ્વસંવેદન તે જ ધર્મ છે, તે જ મોક્ષમાર્ગ છે. રાગનો અનુભવ જીવને અનાદિનો છે, તે કાંઈ ધર્મ નથી. રાગાદિભાવનો અનુભવ તે તો કર્મચેતના છે, ભગવાન આત્માને અનુભવમાં લેવાની તાકાત તેનામાં નથી; અંતરમાં વળેલી જ્ઞાનચેતનામાં જ ભગવાન આત્માને અનુભવમાં લેવાની તાકાત છે.

ભાઈ! તારા અંદરના શુભ વિકલ્પમાંય સ્વસંવેદન કરાવવાની તાકાત નથી, તો પછી આત્માથી ભિન્ન બહારની વસ્તુમાં સ્વસંવેદન કરાવવાની તાકાત ક્યાંથી હોય? માટે રાગની–વ્યવહારની ને પરાશ્રયની રુચિ છોડ ત્યારે જ તને પરમાર્થ આત્મા અનુભવમાં આવશે. નિમિત્તનો ને વ્યવહારનો આશ્રય છોડીને દ્રવ્યસ્વભાવનો આશ્રય કરે ત્યારે પર્યાયમાં સ્વસંવેદન-પ્રત્યક્ષ પ્રગટે ને ત્યારે સમ્યગ્દર્શન થાય અને ત્યારે જ ખરેખર આત્માને માન્યો કહેવાય. આવા અનુભવ પછી વિકલ્પ વખતે ધર્મીને બહુમાનનો એવો ભાવ આવે કે અહો! તીર્થંકરપ્રભુની વાણી સાંભળવા મળી હતી, તેમાં આવો જ સ્વભાવ ભગવાન બતાવતા હતા, સંતો તે વાણી ઝીલીને આવો સ્વભાવ અનુભવતા હતા. આવા વીતરાગી દેવ-ગુરુ મારા સ્વસંવેદનમાં નિમિત્ત છે;—એમ ધર્મીને તેમના વિનય અને બહુમાનનો ભાવ આવે છે. એ રીતે તેને પરમાર્થ સહિત વ્યવહારનું ને નિમિત્તનું પણ સાચું જ્ઞાન છે. અજ્ઞાનીને એકેય જ્ઞાન સાચું નથી.

આત્મા દિવ્ય વસ્તુ છે. અનંત શક્તિનો દિવ્ય વૈભવ એનામાં ભર્યો છે; એની એકેક શક્તિમાં દિવ્યતા છે. જ્ઞાનમાં એવી દિવ્યતા છે કે કેવળજ્ઞાન આપે; શ્રદ્ધામાં એવી દિવ્યતા છે કે ક્ષાયિક સમ્યક્ત્વ આપે; આનંદમાં એવી દિવ્યતા છે કે અતીન્દ્રિય આનંદ આપે; પ્રકાશ શક્તિમાં એવી દિવ્ય તાકાત છે કે બીજાની અપેક્ષા વગર પોતાના જ સ્વસંવેદન વડે

આત્માને પ્રત્યક્ષ કરે. આવી દિવ્ય શક્તિવાળા આત્માને દેખે તો દિવ્યદૃષ્ટિ ઊઘડી જાય. તારા આત્માનો વૈભવ તારે દેખવો હોય તો તારી દિવ્ય આંખો ખોલ. આ બહારની આંખ વડે એ નહીં દેખાય, અંદર રાગની આંખ વડે પણ તે નહીં દેખાય; પણ ચૈતન્યના જ્ઞાનચક્ષુ ખોલ તો તને તારો દિવ્યવૈભવ દેખાશે. ચૈતન્યદરબારની શોભા કોઈ અદ્ભુત ને આશ્ચર્યકારી છે.

પ્રભુ ! આ જે કાંઈ કહેવાય છે તે બધું તારામાં જ છે. તારા આત્મવૈભવની આ વાત સંતો તને સંભળાવે છે. વાહ રે ચૈતન્યપ્રભુ, તારી પ્રભુતા!! એકલા જ્ઞાન પ્રકાશનો પૂંજ, એકલા આનંદનું ધામ! આવી અનંત શક્તિના ધામરૂપ આત્મા છે. તે શક્તિઓ કારણરૂપ છે ને તે કારણમાંથી કાર્ય આવે છે. સાચા કારણના સ્વીકાર વડે કાર્ય આવે છે. કારણનો જ્યાં સ્વીકાર નથી ત્યાં કાર્ય ક્યાંથી આવશે? જ્યાં કારણપણે રાગનો જ સ્વીકાર છે ત્યાં કાર્યમાં પણ રાગ આવશે. રાગકારણમાંથી વીતરાગીકાર્ય આવશે નહીં. ભગવાન આત્માની અનંતી શુદ્ધ શક્તિઓ છે તેનો સ્વીકાર કરતાં (એટલે કે તેની સન્મુખ થતાં) તે કેવળજ્ઞાનાદિ શુદ્ધ કાર્ય આપે છે એવી તેનામાં તાકાત છે. આત્માનું શુદ્ધ કાર્ય આપવાની તાકાત બીજા કોઈમાં નથી. અનંત કારણશક્તિથી ભરેલા પોતાના ચિદાનંદ સ્વભાવમાં દૃષ્ટિ કરતાં મિથ્યાત્વનો નાશ થાય છે ને તેમાં લીન થતાં અસ્થિરતાનો નાશ થાય છે.—આમ નિર્મળ કારણના સ્વીકારથી નિર્મળ કાર્ય પ્રગટી જાય છે; બીજું કોઈ બહારમાં કારણ છે જ નહીં.

સ્વસન્મુખ થઈને આત્માનું સ્વસંવેદન જેને પ્રગટ્યું તેનામાં ચૈતન્યનો વીરરસ પ્રગટ્યો, સ્વાનુભવનું વીર્ય પ્રગટ્યું, તે કાયરતાને (પરભાવને) પોતામાં આવવા ન દ્યે; તેને પોતાની રક્ષા માટે રાગાદિની મદદ ન હોય. રત્નત્રયના સાધક કોઈ એક મુનિ સંથારો કરે ત્યારે વૈયાવચ્ચ કરનારા બીજા મુનિઓ તેને ચૈતન્યના ઉપદેશ વડે વીરતા ઉપજાવે છે. કોઈવાર મુનિને જરાક પાણીનો વિકલ્પ આવી જાય તો બીજા મુનિ વૈરાગ્યથી કહે છે કે અરે મુનિ! અંદર ચૈતન્યના આનંદરસ ભર્યા છે તે આનંદના જળ પીઓને! અત્યારે તો સ્વાનુભવના નિર્વિકલ્પ અમૃત પીવાનાં ટાણાં છે. આ પાણી તો અનંતવાર પીધા, તેનાથી તૃષા નહીં છીપે, માટે નિર્વિકલ્પ થઈને અંદરમાં સ્વાનુભવના આનંદરસનું પાન કરો. ત્યારે તે મુનિ પણ બીજી જ ક્ષણે વિકલ્પ તોડીને નિર્વિકલ્પ—આનંદના દરિયામાં ડૂબકી મારે છે. તે આનંદને માટે પોતાના આત્મા સિવાય બીજા કોઈનું અવલંબન નથી.

સમ્યગ્દર્શન થતી વખતે જે સ્વસંવેદન થયું તે પ્રત્યક્ષ છે, તેમાં વ્યવહારના અવલંબનનો અભાવ છે,—આવો અનેકાંત છે. વાત્સલ્ય, સ્થિતિકરણ, પ્રભાવના વગેરે પ્રશસ્ત વ્યવહારના ઉપદેશ શાસ્ત્રમાં આવે છે પણ તે બધા શુભવિકલ્પોથી પાર અંદરમાં

સ્વસંવેદન–પ્રત્યક્ષની જે પરિણતિ ધર્મીને વર્તે છે તે જ મોક્ષમાર્ગ છે. ધર્માત્માને અંદરમાં ચિદાનંદ સ્વભાવના સ્વસંવેદનનું જે જોર છે તે સ્વયં પ્રકાશમાન છે, તેમાં બીજા કોઈની મદદ નથી કે અસ્પષ્ટતા નથી. અહા, આવા આત્મસ્વભાવનું જેને સંવેદન થયું તે હવે પરમાત્માથી જુદો ન રહી શકે, સ્વસંવેદનના બળે અલ્પકાળમાં કેવળજ્ઞાન પ્રગટ કરીને તે પોતે પરમાત્મા થઈ જશે ને અનંત સિદ્ધ ભગવંતોની સાથે જઈને રહેશે.

અરે જીવ! આવા જૈનદર્શનમાં એટલે કે સર્વજ્ઞ પરમાત્માના પંથમાં તું અવતર્યો ને સર્વજ્ઞદેવે કહેલાં તારા સ્વભાવને લક્ષમાં પણ ન લે,—તો તને શું લાભ? આવો અવસર તારો ચાલ્યો જશે. પોતાના સ્વભાવમાં જે વૈભવ ભર્યો છે તેને શ્રદ્ધા વડે ખેંચીને બહાર લાવ. જેમ અંદર પાણી ભર્યું છે તે ફૂવારામાં ઊછળે છે તેમ અંદર ચૈતન્યની શક્તિના પાતાળમાં પાણી ભર્યું છે તેમાં અંતર્દ્રષ્ટિ કરતાં પર્યાયમાં તે ઊછળે છે.

આત્મા સ્વયં પોતે પોતાને પ્રગટ–સ્પષ્ટ–પ્રત્યક્ષ વેદનમાં આવે ને તેમાં પરોક્ષપણું કે અસ્પષ્ટપણું ન રહે એવો એનો પ્રકાશ સ્વભાવ છે. પ્રકાશમાં અંધારા કેવા? ચૈતન્યજ્યોત જાગતી પ્રકાશવાન છે, તે આંધળી નથી કે પોતે પોતાને ન જાણે.


ભાઈ, તારી પ્રકાશ શક્તિનો તું ભરોસો કર, એનો વિશ્વાસ કર ને પર્યાયમાં તે ન પ્રગટે એમ બને નહીં. વર્તમાન પર્યાય અલ્પ શક્તિવાળી હોવા છતાં પણ અંતર્મુખ થઈને અનંત ગુણરત્નોથી ભરેલા આખા અદ્ભુત દરિયાને પ્રતીતમાં ને અનુભવમાં લઈ લ્યે–એવી અદ્ભુત તારી તાકાત છે. દ્રવ્યસ્વભાવમાં અદ્ભુત તાકાત છે, તેની સન્મુખ થતાં પર્યાયમાં પણ અદ્ભુત તાકાત પ્રગટે છે. પર્યાય પોતે એક સમયની છતાં અનંત ગુણના ત્રિકાળી પિંડને કબૂલે–એ પર્યાયની તાકાત કેવી? ભગવાન! તારી તાકાત તો જો. જેની સામે નજર કરતાં અમૃતની રેલમછેલ થાય એવા તારા વૈભવની વાત અમૃતચંદ્રાચાર્યદેવે કરી છે. ભગવાને જેવો આત્મા જોયો તેવો આત્મા બતાવ્યો ને તું સ્વસંવેદનથી પ્રત્યક્ષ જોઈ શકે એવી તારામાં તાકાત છે. સમયસારની શરૂઆતમાં જ આચાર્યદેવે કહ્યું હતું કે અમે સ્વાનુભવરૂપી નિજવૈભવથી શુદ્ધ આત્માનું સ્વરૂપ કહીએ છીએ અને તમે તમારા સ્વસંવેદનથી તે પ્રમાણ કરજો.—એટલે એવું પ્રત્યક્ષ સ્વસંવેદન કરવાની આત્મામાં તાકાત છે; માટે 'અમને ન સમજાય' એવી કલ્પના કાઢી નાંખજે ને સિદ્ધભગવાનને અંતરમાં સ્થાપીને સ્વસંવેદન–પ્રત્યક્ષથી આત્માને અનુભવમાં લેજે. પરોક્ષ રહેવાનો તારો સ્વભાવ નથી પણ પોતે પોતાને પ્રત્યક્ષ થવાનો સ્વભાવ છે. અહો! આત્મા પોતે પોતાને પ્રત્યક્ષ થાય—આ વાત અલૌકિક છે. જેમ ઊંચા હીરાની કિંમતની તો શી વાત! પણ તેની રજ પણ કિંમતી હોય; તેમ જગતમાં શ્રેષ્ઠ એવા આ ચૈતન્યહીરાનું સ્વસંવેદન કરે તેના આનંદની તો

શી વાત! પણ તેના બહુમાનપૂર્વક શ્રવણ–મનન કરે તો તેનું ફળ અલૌકિક છે. એના વિકલ્પ વડે પુણ્ય બંધાય તે પણ ઊંચી જાતના હોય.

સ્વયં પ્રકાશમાન એવા આત્મસ્વભાવનું ભાન થતાં પર્યાયમાં તેનું પરિણમન પ્રગટે એટલે કે સ્વસંવેદન થાય. ગુણી એવા સ્વભાવના આશ્રયે તેનું વેદન થાય છે, કોઈ નિમિત્તના, પરના, રાગના કે ગુણભેદના આશ્રયે તેનું વેદન થતું નથી. વર્તમાન પર્યાય અંતરમાં તન્મય થઈને આખાય સ્વભાવને સ્વસંવેદનમાં લઈ લ્યે છે—એવી તેની અદ્‌ભુતતા છે ને તેની સાથે પ્રશાંત આનંદરસ પણ ભેગો છે.

આ રીતે જ્ઞાનભાવમાં પ્રકાશ શક્તિનું સ્પષ્ટ સ્વસંવેદનરૂપ કાર્ય પણ સ્વયં પ્રકાશે છે—એ બતાવ્યું.

પ્રકાશ શક્તિનું વર્ણન પૂર્ણ થયું. *(ક્રમશઃ)*



✻ કારણપરમાત્મા એ જ ખરેખર આત્મા છે. નિર્ણય કરે છે પર્યાય, નિત્યનો નિર્ણય કરે છે અનિત્ય પર્યાય, પણ તેનો વિષય છે કારણપરમાત્મા, તેથી તે જ ખરેખર આત્મા છે. પર્યાયને અભૂતાર્થ કહીને વ્યવહાર કહીને અણાત્મા કહ્યો છે. કારણપરમાત્મા પ્રભુ ઉપાદેય છે, અતિ આસન્નભવ્ય જીવોને એવા નિજ કારણપરમાત્મા સિવાય અન્ય કોઈ ઉપાદેય નથી. પર્યાય કે રાગ કે નિમિત્ત કોઈ ઉપાદેય નથી. નિજ પરમાત્માને જે પર્યાયે ઉપાદેય કર્યો, તે પર્યાયને આત્મા કરતો નથી. અમિતગતિ આચાર્યદેવના યોગસારમાં આવે છે કે પર્યાયનો દાતા દ્રવ્ય નથી, કેમ કે પર્યાય સત્‌ છે ને સત્‌ને કોઈનો હેતુ નથી. તેથી સમ્યગ્દર્શનની પર્યાય સ્વનો આશ્રય લ્યે છે તે પર્યાયના પોતાના સામર્થ્યથી છે. આત્માનું જેવું સામર્થ્ય છે તેવું શ્રદ્ધા-જ્ઞાનમાં આવે છે પણ તે સમ્યગ્દર્શન–જ્ઞાનની પર્યાયના પોતાના સામર્થ્યથી છે, પરંતુ એ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ માટે નિજ પરમાત્મા સિવાય અન્ય કાંઈ ઉપાદેય નથી.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

# આગમરૂપ કર્મપદ્ધતિ તે સંસાર; અધ્યાત્મરૂપ શુદ્ધ ચેતનાપદ્ધતિ તે મોક્ષમાર્ગ

(પંડિત શ્રી બનારસીદાસજી કૃત પરમાર્થ વચનિકા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

‘‘આગમરૂપ કર્મપદ્ધતિ છે;

અધ્યાત્મરૂપ શુદ્ધચેતનાપદ્ધતિ છે. તેનું વિવેચન—

❀ કર્મપદ્ધતિ પૌદ્‌ગલિક દ્રવ્યરૂપ અથવા ભાવરૂપ છે. દ્રવ્યરૂપ તો પુદ્‌ગલના પરિણામ છે; ભાવરૂપ પુદ્‌ગલાકાર આત્માની અશુદ્ધ પરિણતિરૂપ પરિણામ છે, તે બંને પરિણામ આગમરૂપ સ્થાપ્યા.

❀ હવે શુદ્ધચેતનાપદ્ધતિ એટલે શુદ્ધ આત્મપરિણામ; તે પણ દ્રવ્યરૂપ તથા ભાવરૂપ એમ બે પ્રકારે છે. દ્રવ્યરૂપ તો જીવત્વપરિણામ તથા ભાવરૂપ જ્ઞાન-દર્શન-સુખ-વીર્ય આદિ અનંત ગુણપરિણામ,—એ બંને પરિણામ અધ્યાત્મરૂપ જાણવા.

આ આગમ તથા અધ્યાત્મ બંને પદ્ધતિમાં અનંતતા માનવી.

જુઓ, હવે આ સૂક્ષ્મ વાત! પણ છે તો જીવના પોતાના પરિણામની જ વાત. જીવની પર્યાયમાં કેવા કેવા પ્રકારના ભાવો થાય છે તે સમજવાની આ વાત છે એટલે ધ્યાન રાખીને સમજવા જેવી છે.

(નોંધ :—પહેલાં નિયમસાર ગા. ૧૫ સાથે સરખાવીને અહીં અધ્યાત્મરૂપ શુદ્ધચેતના-પદ્ધતિનો અર્થ ‘કારણશુદ્ધપર્યાય’ જેવો કરતા, અને દરેક જીવમાં તે ત્રિકાળ છે એમ કહેતા; પરંતુ પછી તે સંબંધી વધુ સ્પષ્ટતા થતાં, નિયમસારની કારણશુદ્ધપર્યાય કરતાં અહીંનો વિષય જુદો લાગે છે; અહીં કહેલી અધ્યાત્મરૂપ શુદ્ધચેતનાપદ્ધતિ તે મોક્ષમાર્ગરૂપ નિર્મળ પર્યાય છે અને તે દરેક જીવમાં ત્રિકાળ નથી પણ સમુચ્ચયપણે જગતમાં તે સદાય હોય છે—એમ સમજવું. આ ભાગ ઉપરના અગાઉ પ્રગટ થયેલા પ્રવચનો પણ આ અર્થ સાથે મેળવીને સમજી લેવા.—સં.)

આત્માની પરિણતિમાં અશુદ્ધતા અનાદિથી છે, તે સ્વભાવગતભાવ નથી પણ આંગતુક—વિકારી ભાવ છે. તે પરિણામ સ્વભાવ—આકારરૂપ નથી એટલે તેને પુદ્‌ગલાકાર કહ્યા છે, કેમ કે પુદ્‌ગલકર્મો તેમાં નિમિત્ત છે. પુદ્‌ગલકર્મની પરંપરા તે દ્રવ્યરૂપ કર્મપદ્ધતિ ને તેના નિમિત્તે થતા જીવના વિકારની પરંપરા તે ભાવરૂપ કર્મપદ્ધતિ છે. આમ દ્રવ્ય ને ભાવકર્મની પરંપરારૂપ આગમપદ્ધતિ છે. આ બંને ભાવોને જીવદ્રવ્યના કહ્યા છે.

શ્રોતા :—જે દ્રવ્યકર્મની પરંપરા છે તે તો પુદ્‌ગલની પર્યાય છે, છતાં અહીં તેને જીવનો ભાવ કેમ કહ્યો?

પૂજ્ય ગુરુદેવશ્રી :—એ પુદ્‌ગલની પર્યાય છે એ વાત સાચી, પરંતુ જીવના અશુદ્ધ ભાવની સાથે તેને સંબંધ છે, જીવના અશુદ્ધભાવની સાથે મેળવાળું તેનું પરિણમન છે તેથી અહીં કર્મપદ્ધતિને પણ જીવના ભાવ કહી દીધા છે. જીવ સાથે જેને સંબંધ નથી એવા બીજા અનંતા પરમાણુઓ જગતમાં છે પણ તેની અહીં વાત નથી. અહીં તો જીવના પરિણામ સાથે જેને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે એવા પુદ્‌ગલોની વાત છે. લાકડું–ઘર–શરીર વગેરેનો સંબંધ તો જીવને ક્યારેક હોય ને ક્યારેક ન પણ હોય, પરંતુ સંસારમાં જીવને કર્મનો સંબંધ તો સદાય હોય જ છે; એ સંબંધ બતાવવા તેને પણ જીવનો ભાવ કહ્યો છે—એમ સમજવું.

આત્મદ્રવ્યના અને તેના જ્ઞાનાદિ ગુણોના જે શુદ્ધપરિણામ છે તે અધ્યાત્મપદ્ધતિરૂપ છે; આ અધ્યાત્મપદ્ધતિ શુદ્ધચેતનારૂપ છે એટલે તેમાં વિકાર કે કર્મોનો સંબંધ ન આવે. દ્રવ્યના શુદ્ધપરિણામ તે દ્રવ્યરૂપ શુદ્ધચેતનાપદ્ધતિ છે અને જ્ઞાન-શ્રદ્ધા-ચારિત્ર વગેરે ગુણોના શુદ્ધપરિણામ તે ભાવરૂપ શુદ્ધચેતનાપદ્ધતિ છે. આ બંને પરિણામ અધ્યાત્મરૂપ જાણવા.

આગમપદ્ધતિ સંસારનું કારણ છે, અધ્યાત્મપદ્ધતિ મોક્ષનું કારણ છે. જેનાથી કર્મ બંધાય તે બધાય ભાવો આગમપદ્ધતિમાં જાય છે, વ્યવહારરત્નત્રયમાં જે શુભરાગ છે તે પણ આગમપદ્ધતિમાં જાય છે; શુદ્ધચેતનારૂપ જેટલા ભાવો છે તે અધ્યાત્મપદ્ધતિમાં આવે છે. આ રીતે બંને પદ્ધતિની ધારા એકબીજાથી જુદી છે. એ બંને પદ્ધતિમાં અનંતતા માનવી; આત્માના વિકારી ભાવોમાં અનંત પ્રકારો છે ને તેમાં નિમિત્તરૂપ કર્મમાં પણ અનંત પ્રકારો છે; આત્માના નિર્મળ પરિણામોમાં પણ અનંતગુણના અનંત પ્રકારો છે. જ્ઞાનાદિ ગુણોના પરિણમનમાં પણ અનંત પ્રકાર છે. આ રીતે અશુદ્ધતા કે શુદ્ધતા એ બંનેમાં અનંતતા સમજવી.

જેમ સમયસારમાં અજ્ઞાનીને પુદ્‌ગલકર્મના પ્રદેશમાં સ્થિત કહ્યો, તેમ અહીં અશુદ્ધ-પરિણામને પુદ્‌ગલાકાર કહ્યા; તે આત્માના સ્વભાવની જાત નથી તેથી તેને આત્મ-આકાર ન કહ્યા. આત્માના આશ્રયે પ્રગટેલા, આત્માના શુદ્ધપરિણામ છે તે આત્મ-આકાર છે, તેમાં પુદ્‌ગલનો સંબંધ નથી. આત્માના સ્વભાવ સાથે સંબંધવાળા જે ભાવ હોય તે જ આત્માને સુખનું કારણ હોય. પુદ્‌ગલ સાથે સંબંધવાળા જે ભાવ હોય તે આત્માને સુખનું કારણ ન હોય, તેથી તે ભાવો ઉપાદેય નથી; તે તો આગંતૂક એટલે બહારથી આવેલા છે, તે કાંઈ ઘરમાંથી પ્રગટેલા નથી કે ઘરમાં રહેવાના નથી. તે ભાવોમાં ખરેખર આત્મા નથી, તેમાં મોક્ષમાર્ગ નથી. જે કોઈ શુભાશુભ ભાવો છે તેમાં આત્માનો અધિકાર નથી પણ આસ્રવનો અધિકાર છે, બંધનો અધિકાર છે. એ વિકારી ભાવોનું સ્વામીપણું આસ્રવ ને બંધ તત્ત્વોને

છે, આત્માના સ્વભાવને તેનું સ્વામીપણું નથી, માટે તેમાં આત્માનો અધિકાર નથી. આત્માનો અધિકાર તો શુદ્ધ ચેતનાપરિણામમાં છે. આગમપદ્ધતિ છે તે ઉદયભાવરૂપ છે ને અધ્યાત્મ-પદ્ધતિ ઉપશમ–ક્ષાયક કે સમ્યક્ક્ષયોપશમભાવરૂપ છે. પુણ્ય–પાપ–આસ્રવ–બંધ ને અજીવકર્મ એ પાંચ તત્ત્વો આગમપદ્ધતિમાં સમાય છે ને સંવર–નિર્જરા–મોક્ષ તથા શુદ્ધજીવ એ ચાર તત્ત્વો અધ્યાત્મપદ્ધતિમાં આવે છે. આમ બંને પદ્ધતિ એકબીજાથી વિલક્ષણ છે. તેનું સ્વરૂપ ઓળખે તો ભેદજ્ઞાન થઈ જાય ને મોક્ષમાર્ગ પ્રગટે; એટલે પોતામાં અધ્યાત્મની પરંપરા વિકસવા માંડે ને આગમની (કર્મની તથા અશુદ્ધતાની) પરંપરા તૂટવા માંડે.—આનું નામ ધર્મ. આવી અધ્યાત્મપદ્ધતિની (એટલે કે શુદ્ધ પરિણામની પરંપરાની) શરૂઆત ચોથા ગુણસ્થાનથી થાય છે. ચોથાથી ચૌદમા ગુણસ્થાન સુધી અધ્યાત્મપદ્ધતિ છે; પરંતુ ત્યાં જેટલી અશુદ્ધતા ને કર્મનો સંબંધ છે તેટલી આગમપદ્ધતિ છે. તે સર્વથા છૂટી જતાં સંસાર છૂટી જાય છે ને સિદ્ધદશા પ્રગટ છે; ત્યાં પછી પુદ્ગલકર્મ સાથેનો જરાય સંબંધ રહેતો નથી ને સંસારની અનાદિની પરંપરા પણ અત્યંતપણે છેદાઈ જાય છે.

અજ્ઞાની તો આગમપદ્ધતિને એટલે કે વિકારને તથા કર્મના સંબંધને જ જીવનું સ્વરૂપ માને છે, જીવના શુદ્ધસ્વરૂપને તે જાણતો નથી એટલે તેને અધ્યાત્મપદ્ધતિ કે આગમપદ્ધતિ બેમાંથી એક્કેયનું જ્ઞાન નથી. તેને આગમ પદ્ધતિ તો છે પણ આગમપદ્ધતિનું જ્ઞાન તેને નથી; શુભરાગ વગેરે આગમપદ્ધતિને જ તે તો અધ્યાત્મપદ્ધતિરૂપ માની લ્યે છે–એ વાત આગળ આવશે. આગમ તથા અધ્યાત્મપદ્ધતિનું ખરૂં જ્ઞાન સમ્યગ્જ્ઞાનીને જ હોય છે.

સંસારમાં આગમ અને અધ્યાત્મપદ્ધતિ બંને ત્રિકાળ છે પણ વ્યક્તિગત એક જીવને આગમપદ્ધતિ અનાદિની છે ને અધ્યાત્મપદ્ધતિરૂપ સાધકદશા અસંખ્ય સમયની હોય છે. કોઈ સાધક દશામાં લાંબામાં લાંબો કાળ રહે તોપણ તે અસંખ્ય સમય જ હોય, તેથી વધુ ન હોય ને કોઈ જીવ સાધકદશામાં ઓછામાં ઓછો કાળ રહીને સિદ્ધ થાય તોપણ તેને સાધકદશામાં અસંખ્ય સમય તો હોય જ. સંસારમાં દરેક જીવને આ બધાય ભાવો હોય જ એવો નિયમ નથી; જેને જે લાગુ પડે તે સમજી લેવા. *(ક્રમશઃ)* ❀

---

(છઢાળા પ્રશ્નપત્ર..... અનુસંધાન પેઈજ નંબર ૨૩ થી ચાલુ)

પ્રશ્ન : ૪ નીચે આપેલા વિષયોમાંથી ગમે તે એક વિષય ઉપર નિબંધ લખો. (૧૧)

આ પ્રશ્નનો ઉત્તર વધુમાં વધુ ૨૦ લીટીમાં પૂજ્ય ગુરુદેવશ્રીના સીડી પ્રવચનો તથા વીતરાગ–વિજ્ઞાન(છઢાળા પ્રવચનો)ના આધારે પોતાના શબ્દોમાં લખવો.

(૧) ''લાખ બાતકી બાત યહી નિશ્ચય ઉર લાવો''.....

એનો ભાવ પૂજ્ય ગુરુદેવશ્રી કઈ રીતે સમજાવે છે?

(૨) જ્ઞાનના દોષને પૂજ્ય ગુરુદેવશ્રી કઈ રીતે સમજાવે છે?

(૩) મનુષ્યપર્યાયની દુર્લભતા સમજાવો અને તેમાં જીવનું કર્તવ્ય શું છે તે જણાવો.



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

* શ્રોતા :—હું જ્ઞાયક છું, જ્ઞાયક છું એમ નક્કી કરીને જ્ઞાયકમાં પ્રયોગ કરવા જઈએ છીએ તો લૂખું થઈ જાય છે, રસબસતું લાગતું નથી. તો કેવા પ્રકારનો પુરુષાર્થ કરવો જોઈએ તે સમજાવવા કૃપા કરશોજી.

પૂજ્ય બહેનશ્રી :—જ્ઞાયક એટલે તેમાં માત્ર જાણવું છે તેવો લૂખો જ્ઞાયક નથી. જ્ઞાયક તે કોઈ અનુપમ જ્ઞાયક છે, કોઈ જુદો જ જ્ઞાયક છે. જ્ઞાયક અનંત-અનંત ગુણોથી ભરેલો છે. તેનો જ્ઞાન સ્વભાવ અનંત અગાધ છે. એવો જાણવાનો જેનો અચિંત્ય સ્વભાવ છે તે સ્વયં જ્ઞાયક છે. પરને જાણે છે એટલે જ્ઞાયક નહિ, સ્વયં જ્ઞાયક છે. તે જ્ઞાયકમાં અનંતતા ભરેલી છે. જ્ઞાયક તેને કહેવાય કે જે એક સમયમાં બધું જાણી શકે છે. એક સમયમાં સ્વયં બધે પહોંચી વળે અને પોતે પોતાના ક્ષેત્રમાં રહીને બધાને જાણે એવી જ્ઞાનની કોઈ અચિંત્ય શક્તિ છે. તે જ્ઞાનની સાથે આનંદગુણ પણ છે. જ્ઞાયક આનંદસાગરથી ભરેલો છે. બહારમાં જે આનંદ માનેલો છે તે યથાર્થ આનંદ નથી. આનંદનો સાગર પોતે છે. આવો કોઈ અનુપમ જ્ઞાયક છે તેની તેને પ્રતીતિ આવવી જોઈએ, તો જ્ઞાયક તેને રસબસતો લાગે. જો જ્ઞાયકની યથાર્થ પ્રતીતિ ન આવે તો માત્ર લૂખું જ્ઞાન થઈ જાય. તેને અંદરથી જ્ઞાયકની એવી પ્રતીતિ આવવી જોઈએ કે જ્ઞાયક કોઈ અપૂર્વ છે. જિનેન્દ્રદેવે કેવળજ્ઞાનની અપૂર્વદશા પ્રગટ કરી એવી અપૂર્વ દશા પ્રગટ થાય તેવી શક્તિ મારા જ્ઞાયકમાં રહેલી છે – એમ તેની મહિમા આવવી જોઈએ. જ્ઞાયકની અંદરમાંથી પ્રતીતિ આવવી જોઈએ કે મારો જ્ઞાયક કોઈ જુદો અપૂર્વ છે. તે જ્ઞાયક વગર મને ચાલે જ નહિ, જ્ઞાયકનો આશ્રય-જ્ઞાયકનો છેડો લીધા વગર મને ચાલે જ નહિ. જ્ઞાયકની એવી મહિમા તેને અંતરમાંથી આવવી જોઈએ.

ક્ષણે ક્ષણે મારે જ્ઞાયક જ જોઈએ, જ્ઞાયકનો આશ્રય અને જ્ઞાયકનો છેડો પકડીને રહું, જ્ઞાયકનો જ આશ્રય મને કાયમ હો, તેનો છેડો છૂટે જ નહિ તેવી મહિમા આવવી જોઈએ. વારંવાર જ્ઞાયકનો અભ્યાસ કરવાથી તે મહિમા પ્રગટ થાય તો જ્ઞાયક રસબસતો લાગે. બહારમાં શુભભાવમાં જેમ દેવ-શાસ્ત્ર-ગુરુનો આશ્રય લે છે તેમ અંતરમાં જ્ઞાયકનો આશ્રય આવવો જોઈએ. અંદર જ્ઞાયક દેવ પરમાત્મા છે. તે ચૈતન્ય ચમત્કારથી ભરેલો

(જુઓ અનુસંધાન પેઈજ નંબર ૨૨ ઉપર)

શ્રી પુષ્પદંત-કવિકૃત

# યશોધર ચરિત્ર

(ગતાંકથી ચાલુ)

મારિદત્ત મહારાજને ક્ષુલ્લક મહારાજ ફરી કહેવા લાગ્યા:—રાજન્! આ પ્રકારે વ્યભિચારિણી સ્ત્રીઓનાં દુષ્ચારિત્રનું ચિંતવન કરતો કરતો જ્યારે હું યશોધર સૂતો હતો ત્યારે જ તે પસીનાથી ભીંજાયેલ શરીરે અમૃતાદેવી પોતાના પ્રેમી કૂબડાથી રમણ કરી મલીન મુખ લઈને મારા બાહુપાશમાં આવીને સૂતી તે મને વિષપૂર્ણા સર્પિણી સમાન લાગી અથવા મૃતક ડાકિની જ મારી નિકટ આવી મને લાગી.

નૃપવર! તે સમયે જોકે તે મારી બાજુમાં જ સૂતી હતી છતાં પણ હું મનમાં ચિંતવન કરવા લાગ્યો કે જેમ ખાજ ખુજલાવવામાં સુખ થયા પછી દુઃખી કરે છે તે જ પ્રકારે વિષય સેવનમાં સુખ થાય છે. જે આભરણોનો ભાર છે તે સર્વ અંગોનું દમન કરે છે અને નૃત્ય આહારનું દમન કરે છે. જે શરીરની લાવણ્યતા છે તે અશુચિરસને ઉત્પન્ન કરવાવાળી છે.

જે સ્નેહનું બંધન છે તે દુઃખનું કારણ છે. જે સ્ત્રીના રૂપાદિકનું અવલોકન છે તે કામજ્વરને વધારવાવાળું છે. પ્રિયાનું આલિંગન છે તે શરીરને પીડા કરવાવાળું છે.

જે સ્ત્રીના નિરંતર અનુબંધમાં રાગ છે તે દુઃખપૂરિત કારાગાર–જેલ છે અને જે પ્રેમ છે તે ઈર્ષ્યાની અગ્નિ છે, તેમાં બળતો પુરુષ આકુલિત થાય છે અને સ્ત્રી-સેવનાદિ ક્રિયાથી ઉત્પન્ન થતો કામ છે તે સ્ત્રીઓના હાથનું તીક્ષ્ણ હથિયાર છે. તેના દ્વારા જ દુષ્ટા વ્યભિચારિણી પરપુરુષરતા વનિતા પોતાના પતિનો ઘાત કરીને પશ્ચાત્ પોતે પણ મરણને પ્રાપ્ત થઈને સંસારવનમાં ભ્રમણ કરે છે.

જીવોને જે બાધાકારક વિસ્તીર્ણ અને ઉત્કૃષ્ટ દુષ્કૃત્યનું ઘર તથા ભારે દુઃખ છે તે ઈન્દ્રિયજનિત સુખનું પંડિત લોકો કેવી રીતે સેવન કરે? ક્યારેય પણ નથી કરતા.

આ જે મનુષ્યનું શરીર છે તે રોગોનું સ્થાન છે કેમ કે આ શરીર ધોવા છતાં પવિત્ર નથી થતું, સુગંધિત કરવા છતાં સૌરભિત નથી થતું પરંતુ શરીરનાં સંસર્ગથી ઉત્તમ સુગંધિત પદાર્થ પણ દુર્ગંધમય થઈ જાય છે.

આ ક્ષણભંગુર શરીર પુષ્ટ કરવા છતાં પણ બલવાન નથી થતું, પ્રસન્ન કરવા છતાં પોતાનું નથી થતું, દીક્ષાથી દીક્ષિત કરવા છતાં ક્ષુધાને માટે અનેક પ્રયત્ન કરવા પડે છે, અનેક ઉત્તમ શિક્ષા દેવા છતાં અવગુણોમાં રમણ કરવા લાગે છે, શાંત કરવા છતાં પણ દુઃખી રહે છે,

ધર્મશિક્ષા દેવા છતાં પણ ધર્મથી વિમુખ રહે છે.

આ નાશવાન શરીર તેલાદિનું મર્દન કરવા છતાં પણ રુક્ષ રહે છે, દવાનું સેવન કરવા છતાં પણ પ્રચુર રોગોથી ઘેરાય જાય છે, અલ્પાહાર કરવા છતાં પણ અજીર્ણથી વ્યાપ્ત થઈ જાય છે, ઠંડા પદાર્થોનું સેવન કરવા છતાં પણ પિત્તાદિથી વ્યાકુળ થાય છે, વાતનાશક તેલાદિનું મર્દન કરવા છતાં પણ વાતવ્યાધિથી પિડીત રહે છે, અનેક પ્રકારે પ્રક્ષાલન કરવા છતાં પણ કોઢથી ગળતું રહે છે.

વધારે ક્યાં સુધી કહેવું? આ શરીર અનેક પ્રકારે રક્ષિત કરવા છતાં પણ યમરાજના મુખનો કોળિયો બની જાય છે. જોકે આ શરીર ઉપરોક્ત પ્રકારે વિપરીત પ્રવર્તમાન થાય છે છતાં રાગી પુરુષ આ શરીરના અર્થે અનેક પ્રકારના પાપકર્મોમાં તત્પર રહે છે.

આ પ્રકારે મારા જેવો મૂર્ખ મનુષ્ય પોતાની સ્ત્રીને વશ થઈ પાપકર્મ કરતો અને વ્યાપાર આદિમાં સંલગ્ન થઈ મરીને નરકમાં જાય છે.

આ શરીરની આ અવસ્થા છે અને જેના માટે અનેક પાપકર્મ કરું છું એ પ્રિયતમાની પણ આ દશા છે તો હવે મારે પણ સમસ્ત કાર્યોને ત્યાગવા જોવે. માટે હવે સવાર થતાં જ નગર, પરિવાર અને રાજ્યલક્ષ્મીનો ત્યાગ કરી ગહન વન અને સઘન પર્વતોની ગૂફાનો આશ્રય કરીશ તથા દેવેન્દ્ર, ધરણેન્દ્ર અને નાગેન્દ્રો દ્વારા પૂજ્ય મુનિપદ ધારણ કરી મહાતપ આચરણ કરીશ.

ધરાનાથ! આ પ્રકારે ચિંતવન કરતાં કરતાં સવાર થઈ ગઈ ત્યારે પ્રભાત સંબંધી વાજિંત્રોનો અવાજ સાંભળીને પથારીમાંથી ઊભો થયો. પછી સ્નાનાદિ નિત્યક્રિયા પતાવીને મેં વિચાર્યું કે જ્યારે હવે મને આ શરીરથી જ મમત્વ નથી તો પછી આ રત્નજડીત આભૂષણો અને બહુમૂલ્ય વસ્ત્રોથી શું પ્રયોજન?

આ શરીરસંસ્કારથી કામની વૃદ્ધિ થાય છે કે જે કામદેવનું ફળ મને પ્રત્યક્ષ મળી ગયું છે. માટે એને ધારણ કરવું સર્વથા અનુચિત છે. તે જ સમયે બીજો એ પણ વિચાર આવ્યો કે જો હું અત્યારે જ સર્વ આભૂષણ દૂર કરીશ તો સમસ્ત અંતઃપુરમાં આ વાર્તા વિસ્તરિત થઈ જશે કે મહારાજે અવશ્ય કાંઈ અમનોજ્ઞ જોયું છે માટે ઉદાસચિત્ત થઈને આભૂષણોનો ત્યાગ કર્યો છે તથા મારી સભાની પંડિત મંડળી સમસ્ત અભિપ્રાયોની જાણકાર છે. તેમનાથી આ વાત કોઈ પણ પ્રકારે ગુપ્ત નહીં રહી શકે.

આ ઉપરાંત આ વાત અનેક રૂપ ધારણ કરી સમસ્ત નગરમાં ફેલાઈ જશે તો પ્રજાજનોના ચિત્તમાં અનેક પ્રકારના વિકલ્પો ઉત્પન્ન થવા લાગશે; તેમાં પણ જો અમૃતાદેવીને ખબર પડશે તો પોતે તો મરશે પણ મને મારવાનું ષડ્યંત્ર બનાવશે. આ રીતે અનેક વિચારો

કરીને મેં પૂર્વવત્ બધાં વસ્ત્રાભૂષણ ધારણ કર્યાં. તે મને એવા લાગતા હતા માનો કે સર્વ દુઃખોનો સમૂહ મારા સર્વ ગાત્રોમાં વળગી રહ્યો છે.

**રાજન્! સર્વ શુભાશુભ, જીવન, મરણ, લાભ, અલાભ, સુખ, દુઃખ અને શત્રુકૃત ઘાતનાં જ્ઞાતા, વિપુલ બુદ્ધિના ધારક તથા સમસ્ત ઋદ્ધિના સમૂહ જેને હસ્તગત છે એવા યોગીશ્વર પણ સ્ત્રીઓના ચરિત્રને નથી જાણી શકતા તો પછી અન્ય પુરુષોની તો વાત જ શું?**

**હાથી બાંધી શકાય છે, સિંહ રોકી શકાય છે અને સંગ્રામમાં પ્રબળ શત્રુ પણ જીતી શકાય છે પરંતુ પરપુરુષાસક્ત સ્ત્રીના ચિત્તને કોઈ પણ બાંધી શકતું નથી.**

નૃપવર! આ પ્રકારના વિચાર કરતો હું ઉદાસચિત્ત સભામાં ગયો અને ત્યાં રત્નજડીત સિંહાસન પર ઉપસ્થિત થયો. તે સમયની સમસ્ત સભા જોકે સુખકર હતી તોપણ મને–યશોધર મહારાજને દુઃખકર લાગતી હતી. *(ક્રમશઃ)*❑

---

(અનુસંધાન પેઈજ નંબર ૧૯ થી ચાલુ)

છે. તે પ્રગટ થાય તો તેનું અચિંત્ય ચમત્કારી સ્વરૂપ જણાય છે. તેની પ્રતીતિ એવી આવે કે જ્ઞાયક વગર ચાલે નહિ, તો જ્ઞાયક રસબસતો લાગે ને તો તેનો પુરુષાર્થ આગળ જાય.


શ્રોતા :—આત્માને પ્રસિદ્ધ કરનાર દ્રવ્યવિશેષ (પર્યાય) છે, તો દ્રવ્યવિશેષની કેમ મહિમા આવતી નથી?

પૂજ્ય બહેનશ્રી :—દ્રવ્યસામાન્ય અને દ્રવ્યવિશેષ બંને અનાદિ વસ્તુ છે. સામાન્યની મહિમા છે તેમ વિશેષની પણ મહિમા છે. સામાન્યની મહિમા એ કારણે છે કે તે અનંત શક્તિઓથી ભરેલું છે. તેમાંથી પર્યાયો પ્રગટે છે. અનાદિથી જીવે સામાન્યનો આશ્રય કર્યો નથી. દ્રવ્ય અનંત શક્તિઓથી ભરેલું છે તેનો આશ્રય કરે તો તેમાંથી પર્યાયો પ્રગટે છે. દ્રવ્ય શક્તિઓનો ભંડાર છે, તેથી તેની મહિમા કરવામાં આવે છે.

પર્યાયની પણ મહિમા હોય છે. કેવળજ્ઞાનની મહિમા, મુનિદશાની મહિમા ને સ્વાનુભૂતિની મહિમા હોય છે. પંચપરમેષ્ઠી પૂજવા યોગ્ય છે, આદરવા યોગ્ય છે, નમસ્કાર કરવા યોગ્ય છે. તેમણે દ્રવ્યદૃષ્ટિપૂર્વક અંતરમાંથી વીતરાગતાની પર્યાય પ્રગટ કરી છે, માટે તેઓ પૂજવા યોગ્ય છે. તેથી વિશેષની પણ મહિમા હોય છે.

સામાન્યના આશ્રયપૂર્વક જે વિશેષ પ્રગટ થાય તે વિશેષ પણ પૂજ્ય છે. બધી અપેક્ષાઓ સમજવી જોઈએ. *(ક્રમશઃ)*❑

## શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ અંતર્ગત








# છઢાળા અધ્યયન વર્ષ

**સૌજન્ય : માતુશ્રી લલિતાબેન વ્રજલાલ શાહ, પરિવાર જલગાંવ**

## પ્રશ્નપત્ર ક્રમાંક-૪ (કુલ માર્ક્સ-૫૦)

**અભ્યાસ ક્રમ – છઢાળા : ચોથી ઢાળ**

---

પરીક્ષાર્થીનું નામ : ..................................................... ઉંમર : ..........
મંડળનું નામ : ............................................... ગામનું નામ : ................
ફોન નં.: ..................................................... તા. ૨૫-૧૦-૨૦૧૨

સૂચના : (૧) પ્રશ્નપત્રના ઉત્તર હિન્દી અથવા ગુજરાતીમાં આપી શકાશે.
(૨) પ્રશ્નોંનં ઉત્ત્ર છઢંળં અંધંરિં અંપ્વં રહેશે.

---

**પ્રશ્ન : ૧ (અ) નીચે આપેલ પ્રશ્નોમાંથી કોઈપણ છ પ્રશ્નોના ઉત્તર કડી સાથે લખો. (૧૨)**

(૧) સમ્યગ્જ્ઞાનનું લક્ષણ શું છે ?
(૨) સમ્યક્દર્શન અને સમ્યગ્જ્ઞાનમાં શું અંતર છે ? સમ્યગ્જ્ઞાન ક્યારે થાય છે ?
(૩) સમ્યગ્જ્ઞાનના ભેદ કેટલા અને કયા કયા છે ?
(૪) કેવળજ્ઞાનનું સ્વરૂપ અને તેનો મહિમા સમજાવો.
(૫) જ્ઞાનના દોષ કયા છે ? સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કરવા જીવે શું કરવું જોઈએ ?
(૬) જ્ઞાની અને અજ્ઞાનીના પ્રયત્ન (પુરુષાર્થ)માં શું અંતર છે ? અજ્ઞાની શા માટે લેશ પણ સુખી થતો નથી ?
(૭) શું મળવું સુલભ છે ? અને શું મળવું દુર્લભ છે ?
(૮) સમ્યગ્જ્ઞાનથી શું રોકાય છે ? તેનો મહિમા શું છે ?

**પ્રશ્ન : ૨ નીચે આપેલ શબ્દોમાંથી કોઈપણ છ શબ્દોના અર્થ વધુમાં વધુ બે લીટીમાં સમજાવો. (૧૨)**

(૧) પ્રત્યક્ષજ્ઞાન (૨) પરોક્ષજ્ઞાન (૩) અવધિજ્ઞાન (૪) સ્વ-પર ભેદવિજ્ઞાન (૫) અણુવ્રત (૬) સકલવ્રત (૭) શિક્ષાવ્રત (૮) અનર્થદંડવ્રત (૯) અતિચાર

**પ્રશ્ન : ૩ નીચે આપેલા પ્રશ્નોમાંથી ગમે તે ત્રણ પ્રશ્નના ઉત્તર વધુમાં વધુ પાંચ લીટીમાં લખો. (૧૫)**

(૧) અણુવ્રત કેટલાં અને કયાં કયાં છે ? તેનું સ્વરૂપ શું છે ? તે કોને હોય છે ?
(૨) શિક્ષાવ્રતોમાં શાની તાલીમ મળે છે ? તેમના પ્રકાર બતાવો.
(૩) અનર્થદંડવ્રતના પ્રકાર અને તેના અર્થ સમજાવો.
(૪) ગુણવ્રત કોને કહે છે ? અને તે કેટલા હોય છે ?
(૫) મરણ સમયે સંન્યાસ કોણ ધારણ કરી શકે છે ? તેનાથી શું લાભ થાય છે ?

(જુઓ અનુસંધાન પેઈજ નંબર ૧૮ ઉપર)

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમનાં પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહની જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીની શુભાશિષથી, અધ્યાત્મજ્ઞાનના પાવનગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે. તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૬-૦૦ થી ૬-૨૦ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ ૮-૦૦ થી - | : | શ્રી જિનેન્દ્ર-પૂજન |
| સવારે ૮-૪૫ થી ૯-૪૫ | : | પરમાગમ શ્રી સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| સવારે ૧૦-૦૦ થી ૧૦-૪૫ | : | ધાર્મિક શિક્ષણવર્ગ (શ્રી સમયસાર) |
| બપોરે પ્રવચન પહેલાં | : | પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યુ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૩-૧૫ થી ૪-૧૫ | : | શ્રી બહેનશ્રીના વચનામૃત ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| બપોરે પ્રવચન પછી | : | પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૩૦ થી ૫-૦૦ | : | જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૭-૪૫ થી ૮-૪૫ | : | શ્રી સમયસાર કળશટીકા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |

### ❀ સ્વાધ્યાયમંદિર હીરકજયંતી મહોત્સવની મંગલ પત્રિકા લેખનવિધિ ❀

શ્રી જૈન સ્વાધ્યાયમંદિરના હીરકજયંતી મહોત્સવની નિમંત્રણપત્રિકાની લેખનવિધિ તા. ૨૧-૧૦-૨૦૧૨ના રોજ રાખવામાં આવેલ. સવારે પૂજા પછી નિમંત્રણ પત્રિકા શ્રી નરેન્દ્રભાઈ શાહ જલગાંવવાળાના નિવાસસ્થાનેથી વાજતે-ગાજતે ભક્તિસહિત પરમાગમમંદિરમાં લાવવામાં આવી. પૂજ્ય ગુરુદેવશ્રીના સીડી પ્રવચન પછી મહોત્સવ આયોજક શ્રી સુરેશભાઈ તુરખીયા, ઘાટકોપર દ્વારા પત્રિકાનું વાંચન કરવામાં આવ્યું ત્યાર પછી પત્રિકા લેખનની વિધિ અનેક મુમુક્ષુઓની ઉપસ્થિતિમાં સાનંદ સંપન્ન થઈ.

### ❀ વિશેષ ધાર્મિક કાર્યક્રમ ❀

આપણા પરમ તારણહાર પરમોપકારી પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના વાર્ષિક સમાધિદિન નિમિત્તે સોનગઢમાં પંચાહ્નિક વિશેષ ધાર્મિક કાર્યક્રમ કારતક વદ ૩ તા. ૧-૧૨-૨૦૧૨, શનિવારથી કારતક વદ ૭ તા. ૫-૧૨-૨૦૧૨, બુધવાર સુધી રાખવામાં આવ્યો છે. આ 'ગુરુ-ઉપકારસ્મૃતિ'નો કાર્યક્રમ શ્રી પંચપરમેષ્ઠીમંડલવિધાનપૂજા, તેમજ પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેન તથા આદરણીય પંડિતરત્ન શ્રી હિમ્મતલાલભાઈ જે. શાહના ગુરુ-ભક્તિભીના માર્ગદર્શન અનુસાર વીતરાગ દેવ-ગુરુની ભક્તિ તથા વીતરાગ તત્ત્વજ્ઞાનની કલ્યાણી ઉપાસનાપૂર્વક સાદગીથી ઊજવવામાં આવશે.

શ્રી પ્રફુલાબેન રજનીકાંત મહેતા પરિવાર હસ્તે હર્ષિલભાઈ, મયૂરી તથા દૃષ્ટિ મહેતા, ઘાટકોપર તરફથી કારતક માસના અંકના પ્રકાશનાર્થે આજીવન સ્પોન્સર તરીકે સહયોગ મળેલ છે.

નમઃ શ્રીસીમંધરદેવાય　　　　નમઃ શ્રીકહાનગુરુદેવાય　　　　વન્દે ભગવતીમાતરમ્

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ પ્રેરિત

શ્રી કહાન પુષ્પ પરિવાર આયોજિત

# બારમી બાલસંસ્કાર અધ્યાત્મ જ્ઞાન શિબિર

(તા. ૨૫-૧૨-૨૦૧૨ થી તા. ૩૦-૧૨-૨૦૧૨)

અનંત ઉપકારી પરમ પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામી તથા તેમના અનન્યભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ધર્મપ્રભાવના યોગથી આપણે સૌ મુમુક્ષુઓ સત્ય શુદ્ધાત્મા પ્રગટ કરવાનો માર્ગ સમજી શક્યા છીએ. આ ઊંડા તત્ત્વ સંસ્કારનું સિંચન આપણી ભવિષ્યની પેઢીમાં પણ થાય એ અત્યંત આવશ્યક છે. આ હેતુને ધ્યાનમાં રાખી શ્રી કહાન પુષ્પ પરિવાર દ્વારા પાછલા અગિયાર વર્ષોથી બાળસંસ્કાર શિબિરોનું આયોજન કરાઈ રહ્યું છે. આ જ શ્રેણિમાં આ વર્ષે પણ પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરી (સોનગઢ)માં તા. ૨૫-૧૨-૧૨ થી તા. ૩૦-૧૨-૧૨ સુધી બારમી બાળ સંસ્કાર શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

આ શિબિરમાં આવવાથી બાળકોને ધાર્મિક સંસ્કાર-સિંચન સાથે સાથે પૂ. ગુરુદેવશ્રી તથા પૂ. બહેનશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરીના જિનાયતનોમાં બિરાજમાન જિનેન્દ્ર ભગવંતોના દર્શન-પૂજન-ભક્તિનો, પૂ. ગુરુદેવશ્રીના કલ્યાણકારી સીડી પ્રવચનોનો પણ લાભ મળશે.

આ શિબિર ૧૦ થી ૧૮ વર્ષના બાળકો માટે રાખવામાં આવી છે.

આ શિબિર સમયે બાળકો ઉપરાંત વડીલો માટે પણ શિક્ષણવર્ગોનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિર દરમ્યાન તીર્થયાત્રાનો વિશેષ કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો છે જેની જાહેરાત શિબિર દરમિયાન કરવામાં આવશે.

આ શિબિરનું આયોજન શ્રીમતી વર્ષાબેન નિરંજનભાઈ ડેલીવાળા પરિવાર, સુરેન્દ્રનગરના સૌજન્યથી કરવામાં આવ્યું છે.

લિ.

**શ્રી કહાન પુષ્પ પરિવાર વતી**

શ્રી હસમુખભાઈ વોરા　　　　શ્રી જિતુભાઈ શાહ

ના જય જિનેન્દ્ર

આત્મધર્મ
નવેમ્બર-૨૦૧૨
અંક-૩ * વર્ષ-૭

Registered Regn. No. BVR-367/2012-2014
Renewed upto 31-12-2014
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-




**Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.**

**Editor : Anantrai Vrajlal Shah.**

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

**www.kanjiswami.org**
**email : contact@kanjiswami.org**